
786-92



# ફતાવાએ હનફીયા

લેખક


સૈયદ હાજી જંહાગીર શાહ બુખારી

(હામી એ અહેલે સુન્નત)



જનાબ હાજીહસન જત તેરા વારા ના સવાલ

સૈયદ હાજી જંહાગીર શાહ બાવા ના જવાબ

@dr_jhangir_sha_313

@masnvi_sharif_313

@fatawa_a_hanfiya



મેરે જંહાગીર શાહ આપકા ફૈઝાન ઝારી હૈ
મેરે જંહાગીર શાહ આપકા ફૈઝાન ઝારી હૈ

# ફતાવાએ હનફીયા

## સલામ બાદ.....

ફતાવાએ હનફીયા **(223 સવાલ)**
નવી આવૃત્તિ કલર પ્રિન્ટ સાથે
આપની સામે રજું કરું છું અલ્લાહ
તઆલા કબુલ કરે અને આનો
સવાબ અમારા તરફથી હાજી
જંહાગીર શાહ બાવા ને અતા કરે.

(આમીન)

**1/12/2025**



નહમદોહૂ વનૌ સલ્લી વનોસલ્લેમો અલા રસુલેહીલ કરીમ વ અલા આલેહી વઅસહાબે હી અજમઈન

અમ્માં બાદ

મઝહબે ઈસ્લામનાં દરેક મુસલમાન મર્દ અને ઔરત ઉપર ચાર ફર્ઝ છે નમાઝ રોઝા સાહીબે નિસાબ ઉપર ઝકાત અને હજજે બયતુલ્લા જવા માટે તમામ ખર્ચનો માલીક હોય તો આ બંને ફર્ઝ એવા માલદાર ઉપર ફર્ઝ છે આપણે નમાઝ રોઝા ઝકાત હજજની ફઝીલત જાણીએ છીએ પણ ફરાઈઝ આપણાં પુરી રીતે અદા થાય તેના ફીકહી મસાઈલથી બીલકુલ વાકેફ નથી ફીલહાલ તો અમુક ઈમામ કે મૌલાનાં પણ ફીકહી મસાઈલથી નાં વાકેફ છે માટે મને પુછવામાં આવેલ મસાઈલને જમા કર્યા તેમાં ખાસ મસાઈલ મને જનાબ હાજી હસન જત તેરાવાળા એ પુછ્યા છે ઘણાં લોકો ફોનથી કે રૂબરૂ પુછ્યા છે તેનાં મેં જે જવાબ આપ્યાં છે તેને થોડા મસાઈલ કલમ બંધ કરીને તમામ મુસલમાન ભાઈઓ એના જાણકાર થાય એટલા માટે આ કિતાબ લખી છે આ કિતાબથી પહેલા મારી નાની ત્રણ કિતાબો **(1)** સાચા મોમીન મુસલમાનની શાન **(2)** સાઅદતે દારૈન **(3)** રસુલલ્લાની શાન દાનીશમંદોની ઝબાન આપણાં હાથમાં આવી ગઈ છે.

હવે આ જરૂરી મસાઈલની કિતાબ પેશ કરૂં છું અલ્લાહ તઆલ કબુલ ફરમાવે તમામ મોમીનીન મોમેનાત માટે હિદાયત અને મારા માટે આખેતરની નજાતનો જરીઓ બનાવે.

લિ. નાચીજ

ખાકપાએ ઔલીયા


સૈયદ જહાંગીરશા હાજી મિયાં સાહેબ.

## ફતાવા એ હનફીયા

સવાલ-**1)** જે જગ્યાએ નમાજ પઢવી છે તેના માટે કેટલી જગ્યા પાક હોવી જોઈએ **?**

જવાબ-**1)**જે જગ્યાએ નમાજ પઢવી છે તે જગ્યાથી મુરાદ પગની જગ્યા અને સજદાની જગ્યા પાક હોવી જોઈએ આપણી નમાજ માં સજદો કરતી વખતે જેટલા આજા જમીન ઉપર લાગે છે તે જગ્યા પાક હોવી જોઈએ

**(રદુલ મોહતાર)**



**@dr_jhangir_sha_313**

**લેખક "**

**સૈયદ ડો.જંહાગીર શાહ**

ફતાવા એ હનફીયા

## સવાલ-2) નમાઝ પઢનાર નાં પગ નીચે એક દિરહમ જેટલી જગ્યા નાપાક છે તો નમાઝ થશે કે નહીં ?

જવાબ-**2)**નમાઝ પઢનાર નાં પગ નીચે એક દિરહમ થી વધારે જો જગ્યા નાપાક હશે તો નમાઝ નહીં થાય અને જો બન્ને પગ નીચે થોડી થોડી નજાસત હોય અને ભેગા કરીએ તો એક દિરહમ થી વધારે હશે તો પણ નમાઝ નહીં થાય

(દુર્રે મુખ્તાર)



લેખક "

સૈયદ ડો.જંહાગીર શાહ


@dr_jhangir_sha_313

ફતાવા એ હનફીયા

**સવાલ-3)** નમાઝમાં પેશાની પાક જગ્યા ઉપર છે અને નાક નજીસ જગ્યા ઉપર છે તો નમાઝ થશે કે નહીં **?**

**જવાબ-3)** થઈ જશે કારણ કે નાક નીચે જગ્યા એક દિરહમ મીકદાર થી ઓછી છે વગર જરૂરતે કે મઝબુરી એ મકરૂહ છે.

**(રુદલ મુખ્તાર)**



લેખક "

સૈયદ ડો.જંહાગીર શાહ

**@dr_jhangir_sha_313**

## ફતાવા એ હનફીયા

**સવાલ-4)** નમાઝમાં સજદા વખતે ઝબ્બો અથવા ખમીશ નાં છેડા નજીસ જગ્યા ઉપર પડતા હોય તો શું હુકમ છે **?**

**જવાબ-4)** તો વાંધો નથી નમાઝ થઈ જશે

(રદુલ મોહતાર)



@dr_jhangir_sha_313

લેખક "


સૈયદ ડો.જંહાગીર શાહ

ફતાવા એ હનફીયા

**સવાલ-5) નજીસ જગ્યા ઉપર કપડો બીછાવી ને નમાઝ પઢી થશે કે નહીં ?**

જવાબ-**5)**કપડો જો એટલો બારીક છે કે નીચેની વસ્તુ બરાબર નજર આવે છે તો નમાઝ થશે નહીં પણ નજીસ જગ્યા ઉપર કાચ રાખ્યો ભલે એમાંથી નીચે બધું નજરે આવે છે તો પણ નમાઝ થઈ જશે.

(રદુલ મોહતાર)



**@dr_jhangir_sha_313**

**લેખક "**

**સૈયદ ડો.જંહાગીર શાહ**

# નોટ:

આ મસએલો હાલતે મજબુરી માટે છે વગર મજબુરી આવી જગ્યાએ નમાઝ ન પઢે.

(બહારે શરીઅત)

ફતાવા એ હનફીયા

સવાલ-**6)** નમાઝ ની નજીસ જગ્યા ઉપર કોઈ જાડો કપડો બીછાવી ને નમાઝ પઢે તો નમાઝ થશે કે નહીં **?**

જવાબ-**6)** જો જાડો કપડો નજીસ જગ્યા ઉપર બીછાવીને નમાઝ પઢી જો નજાસત સુકેલી છે અને કપડા માં લાગતી નથી અને નજાસત ની બદબુ અને રંગ ન જણાય તો નમાઝ થઈ જશે કારણ કે આ કપડો નજાસત અને નમાઝી ની વચ્ચે ફાસીલ બની જશે.




**@dr_jhangir_sha_313**

લેખક "

**સૈયદ ડો.જંહાગીર શાહ**



# ફતાવા એ હનફીયા



## સવાલ-7) સતરે ઔરત કેટલો છે મર્દ અને સ્ત્રી માટે ખુલાસા થી જણાવો ?

જવાબ-7)સતરે ઔરત યાની માણસ ના બદન નો એ ભાગ જેને ઢાકવો ફર્ઝ છે નમાઝમાં કે વગર નમાઝે પણ સતરે ઔરત દરેક હાલત માં વાજીબ છે દરેક જગ્યાએ એકલો અથવા સમુહમાં કોઈ જાઈઝ ઉઝર વગર અકેલાઈ મા પણ જાઈઝ નથી મર્દ માટે સતરે ઔરત નાભી થી લઈને ઘુંટણના નીચે સુધીનો ભાગ. અને સ્ત્રી માટે આખો બદન સતરે ઔરત છે પણ ચહેરો અને હાથની હથેળી અને બન્ને પગના તળિયા એ જો ખુલ્લા રાખે છે તો વાંધો નથી.

(રદુલ મોહતાર)

લેખક "

@dr_jhangir_sha_313

સૈયદ ડો.જંહાગીર શાહ

## ફતાવા એ હનફીયા

સવાલ-**8**) મર્દ કે સ્ત્રીના જે ભાગ સ્તરે ઓરત છે એ નમાઝમાં થોડો ખુલી ગયો તો નમાઝ થશે?

જવાબ-**8**) સતરે ઔરત નો જે ભાગ મર્દ કે ઔરતનો જો ચોથાઈ ભાગ જેટલો ત્રણ વખત સુબ્હાનલ્લા કેહવા જેટલી વાર ખુલ્લો રહ્યો તો નમાઝ ટુટી જશે (આલમગીરી રદુલ મુહતાર)

(નોટ: જો ચોથાઈ થી ઓછો ઈરાદા પુર્વક ખોલ્યો તો નમાઝ ત્યારે જ ટુટી જશે)



લેખક "
સૈયદ ડો.જંહાગીર શાહ

@dr_jhangir_sha_313

## ફતાવા એ હનફીયા

સવાલ-**9)** એટલો બારીક કપડો પહેરેલો છે જેનાથી સતરે ઔરત નજર આવે તો નમાઝ થશે કે નહીં **?**

જવાબ-**9)** એવો કપડો જેનાથી બદન નું ભાગ નજરે આવે એ સતરે ઔરત માટે કાફી નથી જો એનાથી નમાઝ પઢી તો નમાઝ થશે નહીં (આલમગીરી ફતાવાએ રઝવીયા)



**લેખક "**

**સૈયદ ડો.જંહાગીર શાહ**

**@dr_jhangir_sha_313**

ફતાવા એ હનફીયા

સવાલ-**10)** ઓરત ઝીણી ચાદર ઓઢીને નમાઝ પઢી થશે કે નહીં?

જવાબ-**10)** ચાદર કે ઓઢણી જેમાંથી વાળની સીહાઈ એટલે કારાપણ ચમકતો દેખાય એ નમાઝ ને ફાસીદ કરે છે મતલબ નહીં થાય.

(ફતાવાએ રઝવીયા)



લેખક "

સૈયદ ડો.જંહાગીર શાહ

@dr_jhangir_sha_313

## ફતાવા એ હનફીયા

સવાલ-**11)** લુગી પહેરી નમાઝ પડી કે નીચે ચડ્ડી કે જાગીયો નથી પહેરેલો તો નમાઝ થશે કે નહીં?

જવાબ-**11)** લુગી નીચે ચડ્ડી કે જાગીયા વગર નમાઝ થઈ જશે.



લેખક "

સૈયદ ડો.જંહાગીર શાહ

@dr_jhangir_sha_313

## ફતાવા એ હનફીયા

**સવાલ-12)** જો માણસ એવી જગ્યા એ છે કે જ્યાં કાબાની દિસાની ખબર નથી પડતી તો શું હુકમ છે ?

**જવાબ-12)** એવી જગ્યાએ છે જ્યાં કોઈ મસ્જીદ કે મેહરાબ ન ત્યાં એવો કોઈ મુસલમાન છે કે દિશા બતાવે ચાંદ સુરજથી પણ એને ખબર નથી પડતી તો એ (તહરીર) એટલે વિચારે જ્યાં એનો દિલ કાબાની દિશા ઉપર જમે તે દિશામાં નમાઝ પઢે એના માટે એજ કિબલો છે.

(બહારે શરીઅત)



**લેખક "**

**સૈયદ ડો.જંહાગીર શાહ**

**@dr_jhangir_sha_313**

ફતાવા એ હનફીયા

સવાલ-**13)** નમાઝ પઢી લીધી પછી એને ખબર પડી કે દિશા કિબલા ની ન હતી તો શું કરે?

જવાબ-**13)** હવે એને ફરીથી નમાઝ પઢવાની જરૂર નથી નમાઝ એની થઈ ગઈ

(તનવીર આબસાર; ફતાવાએ રઝવીયા જીલ્દ ર)

લેખક "

સૈયદ ડૉ.જંહાગીર શાહ



@dr_jhangir_sha_313

ફતાવા એ હનફીયા

સવાલ-**14)** કોઈ જગ્યાએ કિબલાની દિશા પુછી નહીં અને એણે પોતેજ વિચારીને નમાઝ પઢી લીધી તો નમાઝ થઈ કે નહીં?

જવાબ-**14)** ત્યાં કાબાની દિશા બતાવવા વારો હતો છતાં પણ ન પુછ્યું તો જો કિબલા તરફ પઢી હશે તો થઈ જશે પણ બીજી દિશા એ પઢી હશે તો નહીં થાય.



લેખક "

સૈયદ ડો.જંહાગીર શાહ

@dr ihangir sha 313

## ફતાવા એ હનફીયા

સવાલ-**15**) કોઈ માણસ ઇરાદાથી કિબલાની દિશાથી થોડી વાર છાતીને હટાવી પાછો તરતજ કિબલા તરફ છાતી કરી લીધું નમાઝ થઈ કે નહીં?

જવાબ-**15**) જો તરત જ છાતી ફેરવી પણ લીધું તોય નમાઝ ફાસીદ થય ગઈ અને વગર ઈરાદે કિબલાથી છાતીહટી ગયી ત્રણ વખત સુબહાનલાહ પઢવા જેવી વાર એનુ સીનુ કાબાથી ફરેલો રહ્યો તો નમાઝ જતી રહી.

**(મુનીયતુલ મુસલ્લી)**



**@dr_jhangir_sha_313**

**લેખક "**

**સૈયદ ડો.જંહાગીર શાહ**

ફતાવા એ હનફીયા

સવાલ-**16)** જો કિબલા ના દિશાથી નમાઝમાં છાતી નહીં પણ મોઢું ફરી ગયું તો શું હુકમ છે **?**

જવાબ-**16)** જો તરતજ મોઢું કિબલા તરફ કરી લે તો નમાઝ થઈ જશે પણ વગર મજબુરી આવું કરવું મકરૂહ છે.

(મુન્યતુલ મુસલ્લી)



**@dr_jhangir_sha_313**

લેખક "

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



**સવાલ-17) ફર્ઝ નમાઝ ઝોહર,અસર,મગરીબ,ઈશા તેનો વખત ક્યાંથી શરૂ થઈ કયારે પુરો થાય છે ?**

જવાબ-**17)** ફઝર: સુબહસાદીક થી કરી સુરજ ઊગ્યા થી પહેલા ફઝર નું સમય છે.

ઝોહર: સુરજ બપોરે નીસ્ફો નહાર થી ઢડે ત્યારે શરૂ થાય છે અને દર વસ્તુનું પડછાયો એના થી ડબલ થઈ જાય એટલે પુરો થાય છે.

અસર: ઝોહર નો વખત પુરો થતા જ શરૂ થાય છે અને સુરજ આથમ્યા થી પહેલા સુધી

મગરીબ: સુરજ આથમ્યા થી લઇ આસમાન માં જે શફ્ક છે તે ગુરુબ થઇ જાય ત્યાં સુધી.

ઈશા: ગુરુબે શફક થી લઈને સુબહ સાદીક થી પહેલા સુધી છે.

લેખક "

@dr_jhangir_sha_313

સૈયદ ડો.જંહાગીર શાહ

ફતાવા એ હનફીયા

સવાલ-**18)** નમાઝ માટે નીય્યત શું અરબીમાં જ કરવી **?**

જવાબ-**18)** નીય્યત ઝબાન થી કરવી મુસ્તહબ છે નમાઝ માટે નીય્યત અરબીમાં જ કરે એવું નથી દરેક ભાષામાં કરી શકે પણ અરબીમાં કરે તો અફઝલ છે.

**(દુર્રે મુખ્તાર)**



લેખક "

સૈયદ ડો.જંહાગીર શાહ

@dr_jhangir_sha_313

ફતાવા એ હનફીયા

સવાલ-**19)** નીય્યત કરતી વખતે ઝોહર ના વખતે તેણે અસર ની નીય્યત કરી તો શું નમાઝ થશે **?**

જવાબ-**19)** નીય્યત મા જબાન નું ભરોસો નથી પણ દિલના પાકા ઈરાદા નું ભરોસો છે જો ઝોહરનુ ટાઈમ હોય ઝોહર નું ઈરાદો કર્યો પણ જબાન થી નીય્યતમા અસર કહેવાઈ ગયું તો પણ અદા ઝોહર નમાઝ જ થશે.

(રદુલ મુહતાર)



લેખક "

સૈયદ ડો.જંહાગીર શાહ

**@dr_jhangir_sha_313**

ફતાવા એ હનફીયા

સવાલ-**20)** નમાઝમાં રકાઅત ની ગણતરી માં ભુલ થઈ ચાર ઝોહરના બદલે ત્રણ રકાઅત ઝોહર કહ્યું ત્રણની જગ્યા એ ચાર કહી દીધું તો શું નમાઝ થશે?

જવાબ:**20)** નીય્યત રકાઅત ની ગણતરી ની જરૂરત નથી પણ અફઝલ છે જો ગણતરી માં ભુલ થઈ ત્રણ ની જગ્યાએ ચાર કહેવાઈ ગયું પણ પઢી ત્રણ જ અથવા ચારની જગ્યા એ ત્રણ કીધું પણ પઢી ચાર જ તો નમાઝ થઈ જશે.

(રદુલ મુહતાર.દુરે મુખતાર)




લેખક "
સૈયદ ડો.જંહાગીર શાહ

### ફતાવા એ હનફીયા

સવાલ-**21)** ઈમામ ની પાછળ મુકતદીને તેની ઈકતેદાની નીય્યત કરવી કે નહીં **?**

જવાબ-**21)** મુકતદીને ઈમામના પાછળ ઈકતેદાની નીય્યત જરૂરી છે.

**(આલમગીરી)**



લેખક "

સૈયદ ડો.જંહાગીર શાહ

**@dr_jhangir_sha_313**

ફતાવા એ હનફીયા

**સવાલ-22)** કઝા નમાઝ પઢવા માટે શું જે દિવસે અને ટાઈમ ની કઝા છે તે કહેવું જરૂરી છે?

જવાબ-**22)** જો ફર્ઝ નમાઝ કઝા થઈ ગઈ છે તો જે દિવસ અને ટાઈમની કઝા થઈ હશે તેનો કહેવું જરૂરી છે કે ફલાણો દિવસ તેમાં ફલાણી નમાઝ કહેવું જરૂરી છે જો ખાલી કઝા નમાઝ પઢુ છું એમ નીય્યત કાફી નથી.

**(દુરે મુખતાર)**



**@dr_jhangir_sha_313**

લેખક "


સૈયદ ડો.જંહાગીર શાહ

## ફતાવા એ હનફીયા

સવાલ-**23)** કોઈના ફર્ઝ ઘણી જ કઝા નમાઝ બાકી છે એને દિવસ ટાઈમ યાદ તો કેવી રીતે પઢે?

જવાબ-**23)** જો એને દિવસ કે તારીખ યાદ નથી તે આસાન એ છે કે નીય્યત કહે કે બધી નમાઝોથી પહેલી નમાઝ મારે ઝિમ્મે છે તેની કઝા પઢુ છું.

(દુરે મુખતાર ફતવાએ રઝવીયા જીલ્દ **3)**



@dr_jhangir_sha_313

લેખક "
સૈયદ ડો.જંહાગીર શાહ

## ફતાવા એ હનફીયા

**સવાલ-24)** નમાઝ શરૂ કરતી વખતે તકબીરે તહરીમાં અલ્લાહુ અકબર ન કહું એમ જ ચાલુ કરી તો નમાઝ અદા થશે?

**જવાબ-24)** નમાઝ શરૂ કરતી વખતે જે અલ્લાહુ અકબર કહે છે તે જ તકબીરે તહરીમાં છે અને તે ફર્ઝ છે જો એ ન કહે તો નમાઝ થશે નહીં.

**(દુરે મુખતાર રદુલ મુહતાર)**



**@dr_jhangir_sha_313**

લેખક "
સૈયદ ડો.જંહાગીર શાહ

## ફતાવા એ હનફીયા

સવાલ-**25)** જો કોઈ માણસ બેસીને તકબીરે તહરીમાં કહી પછી ઉભો થઇને નમાઝ પઢી તો શું નમાઝ થશે?

જવાબ-**25)** એની નમાઝ શરૂ જ નથી થઈ જે નમાઝ માં કયામ ફર્ઝ છે. તેમાં તકબીરે તહરીમાં નું કયામ પણ ફર્ઝ છે.

(દુરે મુખતાર ફતવાએ આલમગીરી)



લેખક "

સૈયદ ડો.જંહાગીર શાહ

@dr_jhangir_sha_313

### ફતાવા એ હનફીયા

**સવાલ-26)** અમુક માણસો ઈમામ પાછળ રકાત મેળવવા રૂકુની હાલતમાં જલ્દી તકબીરે કહી તો શું તેની નમાઝ થશે કે નહીં?

**જવાબ-26)** તેની નમાઝ થશે નહીં તેને નમાઝ ફરીથી પઢવી પડશે કારણકે તકબીરે તહરીમાં નું કાયમ ફર્ઝ છે.

(ફતાવાએ રઝવીયા જી.3)



**લેખક "**

**સૈયદ ડો.જંહાગીર શાહ**

**@dr_jhangir_sha_313**

ફતાવા એ હનફીયા

સવાલ-**27)** જો કોઈ માણસ મોઢામાંથી અલ્લાહુ અકબર કહી શકતો નથી ગુંગો છે તો શું હુકમ છે?

જવાબ-**27)** તો એના ઉપર વાજીબ નથી દિલ નો ઈરાદો કાફી છે

**(દુરે મુખતાર)**



**@dr_jhangir_sha_313**

લેખક "

સૈયદ ડો.જંહાગીર શાહ

ફતાવા એ હનફીયા

સવાલ-**28)** તકબીરે તહરીમાં માટે અલ્લાહુ અકબર કહેવું શું જરૂરી છે?

જવાબ-**28)** તકબીરે તહરીમાં માં લફ્જ અલ્લાહુ અકબર કહેવું વાજીબ છે.

(બહારે શરીઅત)



લેખક "

સૈયદ ડો.જંહાગીર શાહ

@dr_jhangir_sha_313

ફતાવા એ હનફીયા

સવાલ-**29)** તકબીરે તહરીમાં વખતે હાથ ઉપાડવા જરૂરી છે?

જવાબ-**29)** તકબીરે તહરીમાં વખતે હાથ કાનની લો સુધી ઉપાડવા સુન્નત છે. (બહારે શરીઅત)



લેખક "

સૈયદ ડો.જંહાગીર શાહ

@dr_jhangir_sha_313

## ફતાવા એ હનફીયા

**સવાલ-30)** તકબીરે તહરીમાં શું જોરથી કહે કે મનમાં પઢે?

**જવાબ-30)** ઈમામને તકબીરે તહરીમાં અને બીજી રૂકુઅ સુજુદ માટે બુલંદ અવાજથી કહેવી સુન્નત છે મુકતદીને પોતે સાંભળે એટલુ કહેવું જોઈએ.

(રદુલ મોહતાર)



લેખક "

**સૈયદ ડો.જંહાગીર શાહ**


@dr_jhangir_sha_313

## ફતાવા એ હનફીયા

**સવાલ-31)** ઈમામ રૂકુઅ કરતી વખતે બુલંદ અવાજે તકબીર કહેતા ભુલી ગયા એમ જ રૂકુઅ માં ગયા તો શું સજદા એ સહવ કરવું પડશે **?**

જવાબ-**31)** ઈમામ જો અલ્લાહુ અકબર બુલંદ અવાજે કહેતા ભુલી ગયા અને ધીમે થી કહે તો તે સુન્નત છે મકરૂહે તનજીહી થઈ નમાઝ થઈ જશે સજદાએ સહવ કરવાની જરૂર નથી.

(ફતાવાએ રઝવીયા)



**@dr ihangir sha 313**

**લેખક "**

**સૈયદ ડો.જંહાગીર શાહ**

## ફતાવા એ હનફીયા

**સવાલ-32)** ફર્ઝ,વિત્તર, સુન્નત શું બધામાં કયામ ફર્ઝ છે અને કોઈ માણસ વગર ઉઝર બેસીને પડી તો શું નમાઝ થશે કે નહીં **?**

**જવાબ-32)** બધામાં કયામ ફર્ઝ છે જો વગર ઉઝર થી બેસીને નમાઝ પઢશે તો નમાઝ થશે નહીં.

**(દુરે મુખ્તાર)**



લેખક "

**સૈયદ ડો.જંહાગીર શાહ**

**@dr_jhangir_sha_313**

## ફતાવા એ હનફીયા

સવાલ-**33)** કયામ મા એક તરફ જુકીને એક પગ ઉપાડી રાખે તો નમાઝ થશે કે નહીં **?**

જવાબ-**33)** એવી રીતે કયામ મકરૂહે તહેરીમી છે અને કોઈ મજબુરી છે તો વાંધો નથી.

**(ફતાવાએ આલમગીરી)**



લેખક "


સૈયદ ડો.જંહાગીર શાહ

**@dr_jhangir_sha_313**

ફતાવા એ હનફીયા

સવાલ-**34)** જો કોઈ માણસ કમજોરી કે બીમારી છે તે લાકડી કે દિવાલથી ટેક લગાવીને ઊભો રહી શકે છે તો શું તેમ કરી કયામ કરી શકે છે **?**

જવાબ-**34)** આવી હાલત માં એ ટેક લગાવીને ઊભો રહીને ફર્ઝ પઢે છે વાંધો નથી. (ફતાવાએ રઝવીયા)



લેખક "
સૈયદ ડો.જંહાગીર શાહ

@dr_jhangir_sha_313

ફતાવા એ હનફીયા

**સવાલ-35) શું ચાલતી ટ્રેન કે ગાડીમાં બેસીને નમાઝ પઢી શકે ?**

જવાબ-**35)** જો એમાં ઉભીને પઢવા જેવું નથી તો બેસીને નમાઝ પઢે પછી એને દોરાવી લે. **(**પહોંચ્યા પછી ફરીથી પઢે**)**



લેખક "

સૈયદ ડો.જંહાગીર શાહ

@dr_jhangir_sha_313

ફતાવા એ હનફીયા

સવાલ-**36)** કયામ મા ઉભો છે તે જુલે છે ડાબે-જમણે ઝુલતો રહે શું નમાઝ થશે **?**

જવાબ-**36)** ડાબે-જમણે કયામ મા જૂલે એ મકરૂહ એ તનઝીહ છે.

**(**બહારે શરીઅત**)**



લેખક "

સૈયદ ડો.જંહાગીર શાહ

@dr_jhangir_sha_313

ફતાવા એ હનફીયા

સવાલ-**37)** માણસ કયામ કરી શકે છે પણ સજદો કરશે તો તેમાંથી રસી વહી નીકળશે તો શું હુકમ છે **?**

જવાબ-**37)** એના માટે બેહતર છે કે બેસીને ઈશારા થી પઢી શકે છે.

(બહારે શરીઅત)



લેખક "

સૈયદ ડો.જંહાગીર શાહ

**@dr_jhangir_sha_313**

## ફતાવા એ હનફીયા

સવાલ-**38)** એક માણસ જો ઉભો રહીને નમાઝ પઢે છે તો તેને પેશાબના ટીપાંઓ ટપકી પડે છે અને બેસીને પઢે તો ટપકતા નથી તો એના માટે શું હુકમ છે **?**

જવાબ-**38)** એને ફર્ઝ છે કે નમાઝ બેસીને પઢે શરતે તે ઉભવાની હાલતમાં કોઇ રીતે પેશાબના ટીપા રોકી ન શકે.

(બહારે શરીઅત)



લેખક "

સૈયદ ડો.જંહાગીર શાહ

@dr_jhangir_sha_313

## ફતાવા એ હનફીયા

સવાલ-**39**) નમાઝ મા સુરહ ફાતિહા પડવું શું છે **?**

જવાબ-**39**) વાજીબ છે એની સાત આયતો પુરી પઢે અને જો એની એક પણ આયત કે લફઝ પણ રહી ગયો તો નમાઝ નહીં થાય.

(બહારે શરીઅત)



લેખક "

સૈયદ ડો.જંહાગીર શાહ

@dr_jhangir_sha_313

ફતાવા એ હનફીયા

સવાલ-**40)** નમાઝમાં સુરહ ફાતિહા માં કદાચ એક લફઝ ભુલથી રહી ગયો તો શું વાંધો નથી **?**

જવાબ-**40)** એક લફઝ પણ ભુલથી રહી જાય તો સજદાએ સહવ કરવું પડશે.


**(દુરે મુખ્તાર)**



લેખક "

સૈયદ ડૉ.જંહાગીર શાહ

@dr_jhangir_sha_313



# ફતાવા એ હનફીયા



સવાલ-**41)** નમાઝમાં સુરહ ફાતિહા સાથે કોઈ સુરત જોડીને પડવું શું છે? કદાચ ન પઢી તો શું નમાઝ થશે **?**

જવાબ-**41)** સુરહ ફાતિહા સાથે સુરત જોડીને પઢવી વાજીબ છે એટલે કે એક નાની સુરત અથવા ત્રણ આયત યા એક આયત ત્રણ નાની આયત જેટલી વાજીબ છે નહીં પઢે તો નમાઝ નહીં થાય.

(બહારે શરીઅત)

લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ

ફતાવા એ હનફીયા

સવાલ-**42)** ચાર રકાઅત ફર્ઝ પઢે છે તો શું ચારે રકાઅતમા સુરહ ફાતિહા સાથે સુરત જોડે કે નહીં **?**

જવાબ-**42)** ફર્ઝ નમાઝની પહેલી બે રકાઅતમા સુરત જોડવી વાજીબ છે પણ વિત્ર, સુન્નત,નફીલ ની દરેક રકાઅત માં સુરહ ફાતિહા સાથે સુરત જોડવી વાજીબ છે.


**(બહારે શરીઅત)**



લેખક "

સૈયદ ડો.જંહાગીર શાહ

@dr_jhangir_sha_313



ફતાવા એ હનફીયા
સવાલ-43) કોઈ માણસ
નમાઝમાં સુરહ ફાતિહા સાથે
સુરત જોડવાનું ભુલી ગયો
અથવા સુરહ ફાતિહા ભુલી
સુરત પઢી તો શું હુકમ છે ?
જવાબ-43) સજદા એ સહવ
કરવાથી નમાઝ થઈ જશે.
(ફતાવાએ રઝવીયા)
લેખક "
સૈયદ ડો.જંહાગીર શાહ
@dr_jhangir_sha_313

ફતાવા એ હનફીયા

સવાલ-**44**) નમાઝમાં પહેલે સુરત પઢી પછી સુરહ ફાતિહા પઢી તો શું નમાઝ થશે **?**

જવાબ-**44**) તો એને સજદા એ સહવ કરવું વાજીબ છે.

(દુરે મુખ્તાર)



લેખક "

સૈયદ ડો.જંહાગીર શાહ

@dr_jhangir_sha_313

ફતાવા એ હનફીયા

**સવાલ-45) ઈમામ પાછળ મુક્તદી શું સુરહ ફાતિહા કે બીજી સુરત પઢે કે નહીં ?**

જવાબ-**45)** જમાઅત સાથે પઢનાર મુક્તદીને ઈમામ પાછળ સુરહ ફાતિહા કે સુરત પડવું જાઈઝ નથી ઈમામની કીરઅત મુક્તદી માટે કાફી છે.


(ફતાવાએ રઝવીયા)



લેખક "

સૈયદ ડો.જંહાગીર શાહ

@dr_jhangir_sha_313


ફતાવા એ હનફીયા
સવાલ-46) ઈમામ કીરઅત ચાલુ કરી દીધી છે મુક્તદી આવ્યો તો શું એ શામીલ થઈ સના પડે કે નહીં ?
જવાબ-46) જો ઈમામ કીરઅત ચાલુ કરી દીધી છે તો તે સના ન પડે કિરઅત સાંભળવું ફર્ઝ છે.
(ફતાવાએ રઝવીયા)
લેખક "
સૈયદ ડો.જંહાગીર શાહ
@dr_jhangir_sha_313

ફતાવા એ હનફીયા

**સવાલ-47)** ઈમામ સુરહ ફાતિહા પઢે ત્યારે શું બીસ્મીલ્લા જોરથી પઢે કે ધીમેથી ?

**જવાબ-47)** બીસ્મીલ્લા આહીસ્તા પઢવી જોઈએ.

(ફતાવાએ રઝવીયા)



લેખક "

સૈયદ ડો.જંહાગીર શાહ

@dr_jhangir_sha_313

## ફતાવા એ હનફીયા

**સવાલ-48)** મગરીબ ની ત્રીજી ઈશા ના ફર્ઝ ની બે આખરી અને ઝોહર અસર ની તમામ રકાઅત માં ઈમામ હળવેથી ન પઢયા તો શું હુકમ છે ?

**જવાબ-48)** મગરીબ ની ત્રીજી ઈશા ના ફર્ઝ ની બે આખરી અને ઝોહર અસર ની ફર્ઝ રકાઅત માં ઈમામ ને આહીસ્તા કિરઅત પઢવી વાજીબ છે.

**(ફતાવાએ રઝવીયા)**



લેખક "

સૈયદ ડો.જંહાગીર શાહ

@dr_jhangir_sha_313 @fatawa_a_hanfiya

ફતાવા એ હનફીયા

સવાલ-**49)** ઈમામ પહેલી રકાઅત માં ત્રણ આયત પઢી અને બીજી મા છ આયત પઢી શું હુકમ છે **?**

જવાબ-**49)** બેહતર છે કે બીજી રકાઅત થી પહેલી રકાઅત માં થોડો વધારે પડે એ જ હુકમ જુમ્મા અને ઈદૈન માટે છે એટલે પહેલી રકાઅત માં મોટી કીરઅત બીજી મા નાની પઢે.પહેલી મા નાની મકરૂહે તનજીહી છે
(ફતાવાએ રઝવીયા)



લેખક "
સૈયદ ડો.જંહાગીર શાહ

@dr_jhangir_sha_313 @fatawa_a_hanfiya

ફતાવા એ હનફીયા

**સવાલ-50)** ઈમામ નમાઝમાં મોટી સુરતો પઢે છે શું હુકમ છે **?**

જવાબ-**50)** ઈમામ ને બીમાર,ઝઈફ, કામકાજ ઉપર જવાવાળા મુક્તદિયો નું આદર કરીને મોટી સુરતો ન પઢે કે તેઓને તકલીફ ન થાય.

(ફતાવાએ રઝવીયા)



લેખક "

સૈયદ ડો.જંહાગીર શાહ

@dr_jhangir_sha_313 @fatawa_a_hanfiya



# ફતાવા એ હનફીયા



## સવાલ-**51)** જો ઈમામ ઉંધી સુરત પઢી પહેલી મા સુરએ ઈખલાસ અને બીજી મા સુરએ લહબ પઢી તો શું હુકમ છે **?**

જવાબ-**51)** ઉંધુ કુરાન પઢવુ એના માટે સખત વઈદ છે.હઝરત અબ્દુલ્લા ઇબ્ને મશહુદ રદીઅલ્લાહો તઆલા અન્હો ફરમાવે છે કે જે માણસ ઉંધુ કુરાન પઢે છે શું તે ડરતો નથી કે અલ્લાહ તઆલા તેનું દિલ ઉંધુ કરી નાખે.

(બહારે શરીઅત)

લેખક "

@dr_jhangir_sha_313


સૈયદ ડો.જંહાગીર શાહ

ફતાવા એ હનફીયા

**સવાલ-52)** કોઈ માણસ ભુલ થી કુરાન ઉલ્ટો પઢયો તો શું નમાઝ થશે ?

**જવાબ-52)** જો ભુલથી ખીલાફે તરતીબ ઉંધો પઢયો તો ગુના પણ નથી ન સજદા એ સહવ.


(બહારે શરીઅત)




લેખક "

સૈયદ ડો.જંહાગીર શાહ

@dr_jhangir_sha_313 @fatawa_a_hanfiya



## ફતાવા એ હનફીયા



**સવાલ-53) કોઈ માણસ જાણી જોઈને કુરાન ઉલ્ટો પઢયો તો શું નમાઝ થશે ?**

જવાબ-**53)** જો જાણી જોઈને પઢયો તો ગુનેગાર જરૂર થશે પણ નમાઝ થઈ જશે સજદાએ સહવ કરવાની જરૂર નથી. તૌબા કરે કે ફરી આવી રીતે નહીં પઢે.

**(ફતાવાએ રઝવીયા)**


લેખક "

@dr_jhangir_sha_313

સૈયદ ડો.જંહાગીર શાહ



ફતાવા એ હનફીયા



સવાલ-**54)** કોઈ માણસ બન્ને રકાઅત માં એક જ સુરત પઢી તો શું નમાઝ થશે **?**

જવાબ-**54)** બન્ને રકાઅત માં એક જ સુરત પઢવી મકરૂહે તનજીહી છે પણ જો મજબુરી કે ભુલથી પઢયો અથવા એને એક જ સુરત યાદ છે તો જાઈઝ છે.

**(**ફતાવાએ રઝવીયા **)**


લેખક "

@dr_jhangir_sha_313

સૈયદ ડો.જંહાગીર શાહ



## ફતાવા એ હનફીયા



સવાલ-**55)** ઈમામ સુરએ ફાતીહા પઢીને સુરત પઢવા માટે વિચારવા લાગ્યો અને વાર લાગી ગઈ તો શું હુકમ છે ?

જવાબ-**55)** સુરએ ફાતીહા બાદ એટલીવાર લાગી કે ત્રણ વખત સુબ્હાનલ્લા કહી શકે તો કિરાઅત મા તરકે વાજીબ થયું માટે સજદાએ સહવ કરવું વાજીબ છે.

(ફતાવાએ રઝવીયા)


લેખક "

@dr_jhangir_sha_313

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**56)** ઈમામ જો કુરાન જોઇને કીરઅત પઢે છે અથવા દિવાલ ઉપર સુરતો લખેલી છે તે જોઈને પઢે છે તો શું નમાઝ થશે ?

જવાબ-**56)** કુરાન જોઇને પઢયો યા મેહરાબ મા લખેલી સૂરત જોઈને પઢયો તો નમાઝ ટુટી જશે.

(દુરે મુખ્તાર)

લેખક "

@dr_jhangir_sha_313

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**57)** ઈમામ સુરએ ફાતીહા બાદ સુરત જોડતા ભુલી ગયા અને રૂકુઅ મા યાદ આવ્યું તો શું કરે **?**

જવાબ-**57)** સુરએ ફાતીહા બાદ સુરત જોડતા ભુલી ગયા અને રૂકુઅ મા યાદ આવ્યું તો જલ્દી ઉભો થઇ સુરત પઢીલે આખરી મા સજદાએ સહવ કરે પણ જો સજદા માં યાદ આવ્યું તો ન પઢે. છેલ્લે સજદાએ સહવ કરી લે તો નમાઝ થઈ જશે.

**(**ફતાવાએ રઝવીયા**)**

લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**58)** જો ઝોહર અથવા અસર ની નમાઝ મા જેમાં ઈમામ ને આહીસ્તા પઢવુ હુકમ છે પણ ભુલથી એક આયત જોરથી પઢી લીધી તો શું હુકમ છે **?**

જવાબ-**58)** સજદાએ સહવ વાજીબ થશે જો સજદાએ સહવ ન કરે તો નમાઝ ને ફરીથી પઢવી પડશે.

**(**ફતાવાએ રઝવીયા**)**

લેખક **"**

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



**સવાલ-59)** જો કોઈ માણસ ફર્ઝ નમાઝની ચાર રકાઅત ની પાછલી બે રકાઅતમા ભુલથી અથવા ઈરાદાથી સુરહ ફાતિહા પાછળ કોઈ સુરત પઢી તો શું હુકમ છે **?**


**જવાબ-59)** પાછલી બે રકાઅતમા સુરએ ફાતીહા પછી જો સુરત પઢી તો વાંધો નથી નમાઝ થઈ જશે સજદાએ સહવ કરવાની જરૂર નથી.

**(**ફતાવાએ રઝવીયા**)**


લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ


ફતાવા એ હનફીયા
સવાલ-60) જો કોઈ માણસ એક રકાઅત માં એક રૂકુઅ ની બદલે બે રૂકુઅ ભુલથી કરી લીધા તો શું હુકમ છે ?
જવાબ-60) સજદાએ સહવ વાજીબ થશે.
(દુરે મુખ્તાર)
લેખક "
સૈયદ ડો.જંહાગીર શાહ
@dr_jhangir_sha_313
@fatawa_a_hanfiya

ફતાવા એ હનફીયા

## સવાલ-61) રૂકુઅ મા કેટલીવાર જુકીને ઉભવાનો હુકમ છે ?

જવાબ-61) ઓછામાં ઓછો એક વખત સુબ્હાનલ્લા કેહવા જેટલી મિકદાર વાજીબ છે.

(બહારે શરીઅત)



લેખક "

સૈયદ ડો.જંહાગીર શાહ

@dr_jhangir_sha_313 @fatawa_a_hanfiya



# ફતાવા એ હનફીયા



સવાલ-**62)** રૂકુઅમા સુબ્હાન રબ્બીયલ અઝીમ પઢવામાં કોઈ માણસ 'ઝોએ' ના બદલે 'જીમ' પઢે છે એટલે અજીમ પઢે છે તો શું વાંધો નથી **?**

જવાબ-**62)** સુબ્હાન રબ્બીયલ અઝીમ ના 'ઝોય' ના બદલે 'જીમ'પઢવુ સખત ગુના છે કારણકે માનેઆ મા ઘણો ફર્ક આવે છે 'ઝોએ' થી પઢશે તો કે મારો રબ્બ બુઝુર્ગ અઝમત વાળો છે અને 'જીમ' થી પઢશે તો અજીમ નો અર્થ ગુન્ગો થશે સખત ગુના છે જો કોઈના જબાન થી અઝીમ અદા ન થઈ શકતો હોય તો સુબ્હાન રબ્બીયલ કરીમ પઢે.

(રદુલ મુહતાર)

લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ

ફતાવા એ હનફીયા

સવાલ-**63)** રૂકુઅ થી સીધો થવા માટે સમે અલ્લાહો લેમન હમીદહ ઈમામ ને અને મુકતદી ને વલકલ હમ્દ કહેવું જરૂરી છે ?

જવાબ-**63)** ઈમામ સાથે પઢે અથવા એકલો પઢે આ બન્ને કહેવું સુન્નત છે.

(દુરે મુખ્તાર)



લેખક "

સૈયદ ડૉ.જંહાગીર શાહ

@dr_jhangir_sha_313 @fatawa_a_hanfiya

### ફતાવા એ હનફીયા

સવાલ-**64)** ઈમામ રૂકૂઅ થી ઉભું થતા સમે અલ્લાહો લેમન હમીદહ ની જગ્યાએ અલ્લાહો અકબર કહી દીધું તો શું નમાઝ થશે **?**

જવાબ-**64)** નમાઝ થઈ જશે સજદાએ સહવ કરવાની જરૂર નથી. **(**ફતાવાએ રઝવીયા**)**



લેખક "

સૈયદ ડો.જંહાગીર શાહ

@dr_jhangir_sha_313 @fatawa_a_hanfiya



## ફતાવા એ હનફીયા



**સવાલ-65)** રૂકુઅ માંથી એક માણસ સીધો ન થયો ને ડાયરેક સજદા માં ચાલ્યો ગયો તો એના માટે શું હુકમ છે ?


**જવાબ-65)** રૂકુઅ માંથી સીધો થઈ (એટલે કૌમા) ઓછામાં ઓછો એક વખત સુબ્હાનલ્લા કહી શકે એટલી વાર સીધો ઉભો રહેવુ વાજીબ છે.

(બહારે શરીઅત)


લેખક "

@dr_jhangir_sha_313

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**66)** એક માણસ સજદા માં ફક્ત જમીન અડીને પાછો તરતજ બીજો સજદો કર્યો એટલી ઉતાવળ જાઈઝ છે **?**


જવાબ-**66)** સજદા માં ઓછામાં ઓછો એક વખત સુબ્હાનલ્લા પઢે એટલીવાર માથું જમીન પર રાખવું વાજીબ છે.

**(**બહારે શરીઅત**)**


લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



ફતાવા એ હનફીયા



સવાલ-**67)** સજદા માં કેટલા વખત સુબ્હાન રબ્બીયલ આલા કહેવું જરૂરી છે **?**

જવાબ-**67)** સજદા માં ત્રણ વખત સુબ્હાન રબ્બીયલ આલા કહેવું સુન્નત છે. જો એનાથી ઓછો પઢયો તો સુન્નત અદા થશે નહીં અને પાંચ વખત કહેવું મુસ્તહબ છે.

**(ફતહુલ કદીર )**


લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



ફતાવા એ હનફીયા



સવાલ-**68)** બન્ને સજદા ની વચ્ચમાં એટલે એક સજદો કરીને બેઠો એમાં કાંઈ પડવું કે નહીં **?**


જવાબ-**68)** બે સજદા ના વચ્ચેના જલસામાં એક વખત અલ્લાહુમ્મગફીરલી કહેવું ઈમામ, મુકતદી બન્ને માટે મુસ્તહબ છે.

**(**ફતાવાએ રઝવીયા**)**


લેખક **"**

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**69)** બન્ને સજદા ની વચ્ચમાં બેસવું જરૂરી છે એક માણસ સજદાથી સર ઉપાડીને પાછો સજદામા ગયો શું નમાઝ થશે **?**

જવાબ-**69)** બન્ને સજદા ની વચ્ચે બેસવું **(**જલસા**)** એટલે સીધો થઈ બેસવું વાજીબ છે તે ન બેસસે તો વાજીબ તર્ક થશે માટે નમાઝ થશે નહીં.

**(**બહારે શરીઅત**)**

લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



**સવાલ-70) સજદા માં ફક્ત નાકની અણીને જમીન ઉપર અડીને સજદો કર્યો સજદો થશે કે નહીં ?**


જવાબ-**70)** સજદા માં પેશાની બરાબર દાબી ને ન રાખી તો નમાઝ જ ન થઈ અને નાક ની હડ્ડી સુધી ન દાબે ફક્ત જમીન ઉપર છુએ તો નમાઝ મકરૂહે તહેરીમી વાજીબુલ ઈઆદા છે. ફરીથી પઢે.

(બહારે શરીઅત)


લેખક "

@dr_jhangir_sha_313

સૈયદ ડો.જંહાગીર શાહ



ફતાવા એ હનફીયા



**સવાલ-71) કોઈ નરમ વસ્તુ ઘાંસ,ગાદલો એના ઉપર નમાઝ પઢી તો નમાઝ થશે કે નહીં ?**

જવાબ-**71)** કોઈ પણ નરમ વસ્તુ ઉપર જો પેશાની બરાબર જમી જાએ એટલે બરાબર દબાઈ ગઈ તો જાઈઝ છે નહીંતર સજદો થશે નહીં એટલે નમાઝ થશે નહીં.

(બહારે શરીઅત)

લેખક "

@dr_jhangir_sha_313

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**72)** બાજરી, ઘઉં એના ઢગલા ઉપર નમાઝ પઢે તો થશે કે નહીં **?**

જવાબ-**72)** એના ઉપર પેશાની જમશે નહીં એટલે સજદો થશે નહીં પણ જો એને ગુણીમા ખૂબ ઢસીને ભરેલ છે જેના ઉપર પેશાની જમી શકે તો નમાઝ થઈ જશે.

**(ફતાવાએ આલમગીરી)**

લેખક "

**@dr_jhangir_sha_313**


સૈયદ ડો.જંહાગીર શાહ

ફતાવા એ હનફીયા

સવાલ-**73**) માથાં ઉપર રૂમાલ પાઘડી કે એવી ટોપી છે જેનાથી પેશાની ઢંકાઈ ગઈ છે તો સજદો થશે **?**

જવાબ-**73**) એનાથી સજદો થશે પણ નમાઝ મકરૂહ થશે.

(ફતાવાએ આલમગીરી)



લેખક "

સૈયદ ડો.જંહાગીર શાહ

@dr_jhangir_sha_313 @fatawa_a_hanfiya



# ફતાવા એ હનફીયા



સવાલ-**74)** કોઈ માણસ ની પેશાની માં ઝખ્મ છે જમીન ઉપર રાખી શકતો નથી તો એની નમાઝ નો શું હુકમ છે **?**

જવાબ-**74)** જો કોઈ ઉઝર થી પેશાની રાખી નથી શકતો તો નાક ને જમીન ઉપર બરાબર દાબીને સજદો કરે **(**ફક્ત છુએ નહીં**)** તો નમાઝ થઈ જશે.

ફતાવાએ આલમગીરી**)**

લેખક **"**

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**75)** કોઈ માણસ બે સજદા ની બદલે ત્રણ સજદા કર્યા અને સલામ થી પહેલા યાદ આવ્યું તો શું કરે **?**

જવાબ-**75)** સલામ થી પહેલા યાદ આવ્યુ તો સજદાએ સહવ કરીલે કારણ કે વાજીબ તર્ક થયો ફર્ઝ અદા થઈ ગયો સજદાએ સહવ કરવાથી નમાઝ થઈ જશે.

(ફતાવાએ રઝવીયા)

લેખક "

@dr_jhangir_sha_313

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**76)** આખરી કાયદો તેમાં અત્તહીયાત પઢવુ જરૂરી છે અને કેટલીવાર બેસે **?**

જવાબ-**76)** નમાઝ ની રકઅતો પુરી કરી આખરી કાયદા મા અત્તહીયાત પુરી પઢવી એટલીવાર બેસવું ફર્ઝ છે. દુરૂદ શરીફ અને દુઆએ માસુરા પઢવી સુન્નત છે.

**(**બહારે શરીઅત**)**

લેખક "

@dr_jhangir_sha_313

સૈયદ ડો.જંહાગીર શાહ

ફતાવા એ હનફીયા

**સવાલ-77)** ફર્ઝ નમાઝ ના ચાર રકાઅત ના પહેલા કાયદા મા દુરૂદે ઈબ્રાહિમ પઢે કે ન પઢે **?**

**જવાબ-77)** ફર્ઝ નમાઝ ના આખરી કાયદા મા જ દુરૂદ શરીફ પઢવુ પહેલા મા નહીં.

**(દુરે મુખ્તાર)**



લેખક "

સૈયદ ડો.જંહાગીર શાહ

@dr_jhangir_sha_313 @fatawa_a_hanfiya



# ફતાવા એ હનફીયા



સવાલ-**78)** ઈમામ પાછળ નમાઝ પઢી રહ્યો છે કાયદા મા મુક્તદી અત્તહીયાત હજી પુરી નથી કરીને ઈમામ સલામ ફેરવી દીધો તો મુક્તદી શું કરે **?**

જવાબ-**78)** મુક્તદી પોતાની અત્તહીયાત પુરી કરે ભલે કેટલી પણ વાર લાગી જાય.

(ફતાવાએ રઝવીયા)

લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



## ફતાવા એ હનફીયા



# સવાલ-**79)** કઈ નમાઝો છે જેના પહેલા કાયદા મા દુરૂદે ઈબ્રાહિમ ન પઢવુ જોઈએ ?


જવાબ-**79)** ફર્ઝ અને સુન્નતે મુઅકીદા ના પહેલા કાયદા મા અત્તહીયાત સિવાય બીજું કાંઈપણ ન પઢવુ વાજીબ છે. અત્તહીયાત પઢી લીધું એટલે તરતજ ત્રીજી રકાઅત માટે ઉભા થઈ જાય.

(રદુલ મુહતાર)

## લેખક "

**@dr_jhangir_sha_313**

## સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**80)** સુન્નતે ગૈર મોઅકદા, નફીલ ના કાયદા એ ઉલા માં શું દુરૂદ પઢે કે નહીં **?**

જવાબ-**80)** સુન્નતે ગૈર મોઅકદા અને નફીલ નમાઝ ના પહેલા કાયદા મા દુરૂદે ઈબ્રાહિમ અને દુઆએ માસુરા પઢવી સુન્નત છે.

**(ફતાવાએ રઝવીયા)**

લેખક "

@dr_jhangir_sha_313

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**81)** ફર્ઝ,વિત્તર, સુન્નતે મુઅકીદા ના પહેલા કાયદા મા કોઈ માણસ દુરૂદ પઢી લીધું તો શું નમાઝ થશે **?**

જવાબ-**81)** ફર્ઝ, વિત્તર, સુન્નતે મુઅકીદા ના પહેલા કાયદા મા અત્તહીયાત પાછળ અલ્લાહુમ્મા સલ્લેઅલ્લા મોહમ્મદ અથવા અલ્લાહુમ્મા સલ્લેઅલ્લા સૈયદેના જો ભુલી ને પઢી લીધું તો સજદાએ સહવ કરે અને ઈરાદાથી પઢી લીધું તો નમાઝ વાજીબુલ ઈઆદા થઈ માટે ફરીથી પઢવી પડશે.

**(ફતાવાએ રઝવીયા)**

લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**82)** ઈમામ પહેલા કાયદા મા ન બેઠા અને અલ્લાહુ અકબર કહી ઉભા થઈ ગયા મુકતદી એ લુકમો દિધો તો ઈમામ સાહેબ બેસી ગયા શું નમાઝ થશે **?**

જવાબ-**82)** જો ઈમામ પુરો ઉભો થઇ ગયો છે અને મુકતદી એ લુકમો દિધો તો લુકમો આપવા વાળા ની નમાઝ ટુટી ગઈ અને એના લુકમા ઉપર ઈમામ પાછો બેસી ગયો તો ઈમામ ની પણ નમાઝ ગઈ અને બંધા મુકતદીઓ ની નમાઝ ટુટી ગઈ પાછા ફરીથી નમાઝ પઢવી પડશે.

**(ફતાવાએ રઝવીયા)**

## લેખક "

**@dr_jhangir_sha_313**

## સૈયદ ડો.જંહાગીર શાહ

ફતાવા એ હનફીયા

સવાલ-**83)** નમાઝ પુરી થઈ ત્યારે સલામ ફેરવું શું છે **?**

જવાબ-**83)** નમાઝ પુરી કરી નમાઝ થી બહાર આવવા અસ્લામુ અલૈકુમ વ રહમતુલ્લાહ કહેવું સુન્નત છે.

**(**રદુલ મુહતાર**)**



લેખક "

સૈયદ ડો.જંહાગીર શાહ

**@dr_jhangir_sha_313** **@fatawa_a_hanfiya**

ફતાવા એ હનફીયા

સવાલ-**84**) ફક્ત ઈમામ સલામ ફેરવી લીધું મુકતદી એ ન ફેરયો તો નમાઝ થી બહાર આવી ગયો કે નહીં ?

જવાબ-**84**) ફક્ત ઈમામ ના સલામ ફેરવવાથી મુકતદી નમાઝ થી બહાર નહીં આવે માટે મુકતદી પણ સલામ ફેરવે.

(રદુલ મુહતાર)



લેખક "

સૈયદ ડો.જંહાગીર શાહ

@dr_jhangir_sha_313 @fatawa_a_hanfiya



# ફતાવા એ હનફીયા



સવાલ-**85)** અમુક માણસો ફર્ઝ પઢીને બેસી જાય છે અને મોટા મોટા વઝીફા પઢી પછી સુન્નત પઢે છે શું હુકમ છે **?**


જવાબ-**85)** જે ફર્ઝ નમાઝ પાછળ સુન્નત છે તેમાં ફર્ઝ પઢી કયામ ન કરે તરતજ સુન્નત પઢવા ઉભો થઇ જાય સુન્નત માં તાખીર કરવી મકરૂહ છે. ફર્ઝ પછી મોટા વઝીફા પઢવાની રજા નથી.

(રદુલ મુહતાર)


લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા




સવાલ-**86)** નમાઝમાં કેટલાં વાજીબાત છે વિસ્તાર થી બતાવો **?**
જવાબ-**86) (૧)** તકબીરે તહરીમા મા અલ્લાહુ અકબર કહેવું.**(૨)** સુરએ ફાતીહા પુરી પઢવી એક પણ અક્ષર ન છુટે.**(૩)** સુરએ ફાતીહા સાથે બીજી સુરત જોડવી અથવા ત્રણ આયત યા ત્રણ આયત જેટલી મોટી આયત પઢે.**(૪)** ફર્ઝ નમાઝની પહેલી બે રકાઅતમા સુરએ ફાતીહા સાથે સુરત જોડવી.**(૫)** નફીલ, વિત્તર, સુન્નત ની દરેક રકાઅત માં સુરએ ફાતીહા સાથે સુરત જોડવી.**(૬)** સુરએ ફાતીહા સુરત થી પહેલા પઢવી.**(૭)** સુરએ ફાતીહા અને સુરત ના વચ્ચે આમીન કે બિસ્મિલ્લાહ સિવાય બીજું કંઈ ન પઢવુ.**(૮)** સુરત થી પહેલા એક વખત સુરએ ફાતીહા પઢવુ.**(૯)** કીરઅત પાછળ તરતજ રૂકૂઅ કરવું.**(૧૦)** કૌમા મા સીધો ઉભો રહેવુ.**(૧૧)** દરેક રકાઅત માં ફક્ત એક જ વખત રૂકુઅ કરવું.


## લેખક "

**@dr_jhangir_sha_313**

## સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા




## નમાઝ ના અમુક વાજીબાત

(૧૨) એક સજદા પાછળ તરતજ બીજો સજદો કરવો.(૧૩) સજદા માં બન્ને પગની ત્રણ આંગળી નો પેટ જમીન ઉપર લાગવું.(૧૪) જલસા મા સીધો બેસવું.(૧૫) દરેક રકાઅત માં બે થી વધારે સજદા ન કરવાં.(૧૬) દરેક રૂકન રૂકૂઅ,સજદો,કૌમા, જલસા મા ઓછામાં ઓછો એક વખત સુબ્હાનલ્લા કહી શકે એટલી મીકદાર ઠહેરવુ.(૧૭) બીજી રકાઅત થી પહેલા કાયદો ન કરવું.(૧૮) પહેલો કાયદો જો નફીલ હોય બે રકાઅત પછી જ કાયદો કરવો.(૧૯) પહેલા કાયદા અને આખરી કાયદા મા અત્તહીયાત પુરો પઢવુ.(૨૦) ફર્ઝ,વિત્તર, સુન્નતે મુઅકીદા ના પહેલા કાયદા મા અત્તહીયાત સિવાય બીજું કાંઈ પણ ન પઢે.(૨૧) ચાર રકાઅત વાળી નમાઝમાં ત્રીજી રકાઅત ઉપર કાયદો ન કરે ચોથી રકાઅત માટે ઉભા થઈ જવું.(૨૨) દરેક ઝહેરી નમાઝમાં ઈમામ ને બુલંદ અવાજે કીરઅત પઢવી.



લેખક "

@dr_jhangir_sha_313

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



## નમાઝ ના અમુક વાજીબાત

(૨૩) દરેક સીરરી નમાઝમાં ઈમામ ને આહીસ્તા કિરઅત પઢવી.(૨૪) વિત્તર મા કુનુત ની તકબીર કહેવું.(૨૫) વિત્તર મા દુઆએ કુનુત પઢવુ.(૨૬) ઈદૈન નમાઝ ની વધારાની છ તકબીર કહેવું.(૨૭) ઈદની બીજી રકાઅત ના રૂકૂઅ મા જવાથી પહેલા અલ્લાહુ અકબર કહેવું.(૨૮) આયતે સજદા પઢી હોય તો સજદો કરવો.(૨૯) ગલતી થઈ જાય તો સજદાએ સહવ કરવું.(૩૦) દરેક ફર્ઝ અને વાજીબ એની જગ્યાએ અદા કરવું.(૩૧) બે ફર્ઝ બે વાજીબ અથવા વાજીબ, ફર્ઝ ના દરમિયાન ત્રણ તસ્બીહ ની મીકદાર વકફો હોવું.(૩૨) ઈમામ કીરઅત બુલંદ અવાજથી પઢે યા આહીસ્તા મુકતદીને ચુપ રહી સાંભળવું.(૩૩) સીવાય કીરઅત તમામ વાજીબાત મા મુકતદી ને ઈમામ ની પૈરવી કરવી.(૩૪) બન્ને સલામ માં અસ્લામુ કહેવું. અલૈકુમ વાજીબ નથી. (બહારે શરીઅત, ફતાવાએ રઝવીયા,દુરે મુખ્તાર)

લેખક "

@dr_jhangir_sha_313

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**87)** ફઝર નમાઝની જમાઅત ઉભી છે અને જો મુકતદી સુન્નત પઢશે તો જમાઅત ચાલી જશે તો શું હુકમ છે **?**

જવાબ-**87)** જો જમાઅત છુટવાનો ભય હોય તો જમાઅત મા શામીલ થઈ જાય કારણ કે સુન્નત માટે જમાઅત ને તર્ક કરવું જાઈઝ નથી ગુના છે.(ફતાવાએ રઝવીયા)


લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**88)** ફઝર ની નમાઝ જમાઅત ની સાથે પઢી લીધી અને સુન્નત પઢયો નથી અને સુરજ ઉગવાને હજુ ઘણું ટાઈમ છે તો શું સુન્નત પઢી શકે છે **?**

જવાબ-**88)** ફઝર ની નમાઝ જમાઅત થી પઢી લીધાં પછી સુન્નત પઢવી જાઈઝ નથી.

**(ફતાવાએ રઝવીયા)**

લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**89)** સુબહ સાદીક થી કરી સુરજ ઊગ્યા પહેલાં કઝા નમાઝ પઢી શકે કે નહીં **?**

જવાબ-**89)** કઝા પઢી શકે છે પણ મસ્જીદ મા કઝા ન કરે કારણકે માણસો નફીલ નું વિચાર કરશે અને જો કોઈએ એને ટોક્યો તો એને કહેવું પડશે કે નફીલ નહીં કઝા પઢુ છું તો કઝા ને જાહેર કરવું મના છે ઘરમાં કઝા પઢે.(ફતાવાએ રઝવીયા)

લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**90)** સુર્ય ઊગ્યા ની વખતે કોઈ નમાઝ પઢવી જાઈઝ છે કે નહીં **?**

જવાબ-**90)** સુર્ય ઉગવાને સમય કોઈ પણ નમાઝ પઢવી જાઈઝ નથી ન ફર્ઝ ન વાજીબ ન નફીલ ન કઝા. સજદાએ તીલાવત પણ ના જાઈઝ છે. **(**બહારે શરીઅત**)**

લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ

ફતાવા એ હનફીયા

સવાલ-**91**) સુર્ય ઉગવાના સમયે કુરાન ની તીલાવત કરવી કેવી **?**

જવાબ-**91**) સુર્ય ઉગવાના સમયે તીલાવતે કુરાન મકરૂહ છે.

**(ફતાવાએ રઝવીયા)**



**લેખક "**

**સૈયદ ડો.જંહાગીર શાહ**

**@dr_jhangir_sha_313** **@fatawa_a_hanfiya**



ફતાવા એ હનફીયા



સવાલ-**92)** જોહર નમાઝની જમાઅત ઉભી છે મુક્તદી ચાર સુન્નત નથી પઢી તો શું કરે **?**


જવાબ-**92)** તો જમાઅત મા શરીક થઈ જાય જમાઅત પઢી પછી બે રકાઅત સુન્નત પઢી પછી ચાર રકાઅત સુન્નત પઢી લે.

(ફતાવાએ રઝવીયા)


લેખક "

@dr_jhangir_sha_313

સૈયદ ડો.જંહાગીર શાહ



## ફતાવા એ હનફીયા



સવાલ-**93)** જોહર ના ચાર સુન્નત એ મુઅકીદા પઢે છે અને જમાઅત ઉભી થઇ ગઈ તો શું હુકમ છે ?


જવાબ-**93)** તો બે રકાઅત પઢી સલામ ફેરી જમાતમાં શામીલ થઈ જાય પછી બે રકાઅત સુન્નત પઢી પછી નવેસરથી ચાર રકાઅત પઢે.

(ફતાવાએ રઝવીયા)


લેખક "

@dr_jhangir_sha_313

સૈયદ ડો.જંહાગીર શાહ




# ફતાવા એ હનફીયા




સવાલ-**94)** સૂર્ય આથમવાથી કેટલો સમય પહેલાં નમાઝ પઢી શકે **?**

જવાબ-**94)** સૂર્ય આથમવામાં **20** મિનિટ પહેલા મકરૂહ વખત ચાલુ થઈ જાય છે તે વખતે કોઈ પણ નમાઝ જાઈઝ નથી ફર્ઝ ન સુન્નત ન કઝા ન નફીલ ગુરૂબ આફતાબ ટાઈમે સજદએ તીલાવત સજદએ સહુ પણ ના જાઇઝ છે પણ જો તે સમયની અસર નમાઝ નથી પઢી તો પઢી લે વગર કારણે એટલો મોડો પઢવું હરામ છે હદીષ માં તેને મુનાફીક ની નમાઝ કહેવામાં આવી.**(આલમગીરી)**

લેખક "
**@dr_jhangir_sha_313**
સૈયદ ડો.જંહાગીર શાહ



## ફતાવા એ હનફીયા



સવાલ-**95**) શું અસર નમાઝ પાછળ કઝા નમાઝ પઢી શકે છે **?**

જવાબ-**95**) અસર પછી સૂર્ય આથમવાની **20** મિનિટ પહેલા સુધી કઝા નમાઝ પઢી શકે છે.

**(**બહારે શરીઅત**)**

લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**96)** કોઈ ઈશા ના ફર્ઝ થી પહેલા ચાર રકાઅત સુન્નતે ગૈર મોઅકદા નથી પઢી પછી જમાઅત પાછળ પઢી શકે કે નહીં **?**

જવાબ-**96)** ઈશા ની જમાઅત પછી બે રકાઅત સુન્નત પઢી તે પછી જો ચાર રકાઅત સુન્નત પઢવી હોય તો એમાં મનાઈ નથી.

**(ફતાવાએ રઝવીયા)**

લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**97)** ત્રણ રકાઅત વિત્તર છે તેમાં ત્રીજી રકાઅત માં દુઆએ કુનુત પઢતા ભુલી ગયો ને રૂકુઅ મા યાદ આવ્યું તો શું પાછો સીધો થઈ પઢી શકે છે **?**

જવાબ-**97)** જો દુઆએ કુનુત પઢતા ભુલી ગયો અને રૂકુઅ મા ચાલ્યો ગયો પછી યાદ આવ્યું તો પાછો આવીને દુઆએ કુનુત ન પઢે પણ નમાઝ પૂરી કરી સજદાએ સહવ કરી લે.

**(**બહારે શરીઅત**)**


લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



**સવાલ-98)** રમઝાન મા વિત્તર ઈમામ સાથે પઢી રહ્યો છે અને જો ત્રીજી રકાઅત માં દુઆએ કુનુત હજી પુરી પઢી નથી ને ઈમામ રૂકુઅમા ચાલ્યા ગયા તો શું હુકમ છે **?**

**જવાબ-98)** જો એળે હજી કુનુત પુરી નથી પઢી છતાં પણ ઈમામ ની પૈરવી કરે ઈમામ સાથે રૂકુઅ મા ચાલ્યો જાય.

(ફતાવાએ આલમગીરી)

લેખક "
@dr_jhangir_sha_313
સૈયદ ડો.જંહાગીર શાહ





## ફતાવા એ હનફીયા

સવાલ-**99)** જુમ્મા ની નમાઝ ફર્ઝ છે કે વાજીબ ખુલાસા વાર જણાવશો **?**


જવાબ-**99)** જુમ્મા ફર્ઝે ઐન છે જુમ્મા ની ફરઝીયત ની તાકીદ ઝોહર થી વધારે છે અને જુમ્મા ની ફરઝીયત નું ઈનકાર કરવાવાળો કાફીર છે.

**(**દુરે મુખ્તાર**)**

લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



## સવાલ-100) જુમ્મા ની નમાઝ માટે અઝાન આવી ગઈ પછી કોઈ ગુસ્લ કરવા ગયો તો જાઈઝ છે કે નહીં ?


જવાબ-**100)** જુમ્મા ની અઝાન થતાં જ ખરીદ-વેચાણ હરામ થઈ જાય છે. દુનિયાના જેટલા કામ-કાજ જે અલ્લાહ ના યાદ થી બેદરકારી નું કારણ બને તે એમાં દાખલ છે.અઝાન પછી બધી ચીજોને છોડી દેવું જરૂરી છે.

**(તફસીર ખઝાએનુલ ઈરફાન સફા: ૯૯૭)**

લેખક "

@dr_jhangir_sha_313

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



## સવાલ-**101)** જુમ્માની નમાઝ કોઈ વગર ઉઝર પઢતો નથી તેનાં માટે શું હુકમ છે ?

જવાબ-**101)** હદિસ માં છે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ તઆલા અલયહી વસલ્લમ ફરમાવે છે કે ત્રણ જુમ્મા સુસ્તી ના કારણે ન પઢે અલ્લાહ તઆલા તેનાં દિલ પર સીકકો લગાવી દેશે ત્રણ જુમ્મા વગર મજબુરી એ ન પઢે તે મુનાફીક છે.જે ત્રણ જુમ્મા વગર મજબુરી એ ન પઢયા તે મુનાફીક કૌમ મા લખાઈ ગયો. જો મુતાવતર(સળંગ) ત્રણ જુમ્મા ન પઢયો તેણે ઈસ્લામ ને પીઠ પાછળ ફેંકી દીધો.



લેખક "

@dr_jhangir_sha_313

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



## સવાલ-**102)** જુમ્માની નમાઝમાં મોડો થઈ ગયો તો એ ક્યાં સુધી પઢી શકે છે ?


જવાબ-**102)** જુમ્માની નમાઝ માટે જોહર નો વક્ત હોવું શરત છે જો જુમ્મા નો ખુતબો જોહર નો ટાઇમ થતાં પહેલાં પઢી લીધો તો ખુતબો થશે નહીં જ્યારે ખુતબો ન થયો તો જુમ્મો ન થયો જો નમાઝે જુમ્મા માં એટલો મોડો કર્યો કે જોહર નો વક્ત નીકળી ગયો નમાઝ છેલ્લી રકાઅતમા અત્તહીયાત પઢયા પછી સલામ ફેરવા થી પહેલાં અસરનો વક્ત દાખલ થઈ ગયો તો જુમ્મો થશે નહીં.જોહર ની કઝા પઢવી પડશે.

(બહારે શરીઅત)



લેખક "

@dr_jhangir_sha_313

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**103)** જુમ્મા ના ખુતબા માં કેટલો ખુતબો પઢવો વાજીબ છે તફસીલ થી જણાવો **?**

જવાબ-**103)** ખુતબા ઝીકરે ઈલાહી નું નામ છે જો એક વખત અલહમદોલીલ્લા સુબ્હાન અલ્લાહ યા લાઈલાહા ઈલ્લલ્લા પઢયો ખુતબાનો ફર્ઝ અદા થઈ જશે પણ એટલો નાનો પઢવો મકરૂહ છે.

**(દુરે મુખ્તાર)**


લેખક "

@dr_jhangir_sha_313

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**104)** ખતીબ મીમ્બર ઉપર ચડ્યો અને છીંક આવી એણે અલહમદુલીલ્લાહ કહ્યું શું ખુતબા નો ફર્ઝ અદા થઈ જશે **?**


જવાબ-**104)** ખુતબા માટે નીય્યતે ખુતબા શરત છે માટે છીંક પછી અલહમદુલીલ્લાહ કહેવાથી ફર્ઝ અદા થશે નહીં અને ખુતબો પણ અદા નહીં થાય.

(ફતાવાએ રઝવીયા)

લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**105)** જુમ્માની નમાઝ માટે ઈમામ જો ખુતબો પઢી શકતો નથી બીજાએ ખુતબો પઢયો થઈ જશે **?**


જવાબ-**105)** નમાઝે જુમ્મા માટે ખુતબો શરત છે ખુતબા વગર નમાઝે જુમ્મા બાતીલ છે જે માણસ ખુતબો નથી પઢી શકતો તે જુમ્માની નમાઝ નો ઈમામ થઈ શકે નહીં.

(ફતાવાએ રઝવીયા)


લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**106)** મસ્જીદ મા ખતીબ ઈમામ જે મુકરર કરેલો છે અને તેની રજા વગર બીજો કોઈ ખુતબો પઢયો તો શું અદા થશે **?**

જવાબ-**106)** મસ્જીદ મા જે ખતીબ ઈમામ મુકરર કરેલો છે અને તેની રજા વગર કોઈ પણ ખુતબો પઢી ન શકે જો પઢશે તો ખુતબો જાઈઝ નહીં થાય અને ખુતબો શરત નમાઝે જુમ્મા છે જ્યારે ખુતબો ન થયો તો નમાઝ પણ ન થઈ.

**(ફતાવાએ આલમગીરી)**

લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ

ફતાવા એ હનફીયા

સવાલ-**107)** જુમ્મા નો ખુતબો કોઈ વગર કીતાબ મોઢા ઉપર પઢે છે શું જાઈઝ છે **?**

જવાબ-**107)** ખતીબ કિતાબ જોઈ ને પઢે યા વગર કિતાબે મોઢા ઉપર પઢે હુકમ એક જ છે પણ ઝબાની પઢવુ સુન્નત થી વધારે મઆફકેત છે.



લેખક "

સૈયદ ડો.જંહાગીર શાહ

@dr_jhangir_sha_313 @fatawa_a_hanfiya

ફતાવા એ હનફીયા

સવાલ-**108)** ખતીબ ને બન્ને ખુતબા ની વચ્ચે બેસવું જરૂરી છે **?**

જવાબ-**108)** ખતીબ ને બન્ને ખુતબા ની વચ્ચે ત્રણ વખત આયત પઢી લે એટલીવાર બેસવું સુન્નત છે.

**(ફતાવાએ રઝવીયા)**



લેખક "

સૈયદ ડો.જંહાગીર શાહ

@dr_jhangir_sha_313 @fatawa_a_hanfiya



## ફતાવા એ હનફીયા



**સવાલ-109) ખતીબ ને બન્ને ખુતબા વચ્ચે દુઆ માંગવું જાઈઝ છે ?**

જવાબ-**109)** બન્ને ખુતબા વચ્ચે ખતીબ ને દુઆ માંગવી જાઈઝ છે અને મુકતદી દિલમાં દુઆ માંગે ઝબાન થી હરકત ન કરે તો બીલા શુબા જાઈઝ છે.

(ફતાવાએ રઝવીયા)

લેખક "

@dr_jhangir_sha_313

સૈયદ ડો.જંહાગીર શાહ



## ફતાવા એ હનફીયા



## સવાલ-**110)** ખતીબ ખુતબો પઢી લીધો તે પછી ઘણીવાર રહીને નમાઝ પઢાવી શું જાઈઝ છે ?

જવાબ-**110)** ખુતબા અને નમાઝ નાં વચમાં વધારે ટાઈમ નો ફાંસલો થઈ જાય તો ખુતબો કાફી નથી ફરીથી પઢવો પડશે.

(બહારે શરીઅત)

લેખક "

@dr_jhangir_sha_313


સૈયદ ડો.જંહાગીર શાહ

ફતાવા એ હનફીયા

સવાલ-**111)** ખુતબો પઢાય ત્યારે વાત કરવી કે ઈશારો કરવો જાઈઝ છે ?

જવાબ-**111)** જે કામ નમાઝ ની હાલત માં હરામ છે તે ખુતબા પઢવા સમયે પણ હરામ છે. મનાઈ છે.


(ફતાવાએ રઝવીયા)



લેખક "

સૈયદ ડો.જંહાગીર શાહ

@dr ihangir sha 313 @fatawa_a_hanfiya



# ફતાવા એ હનફીયા



સવાલ-**112)** જુમ્માનો ખુતબો ખતીબ પઢી રહ્યો છે મજમુ વધારે છે ખતીબ નો અવાજ જે માણસ સુધી નથી પહોંચતો તેના માટે શું હુકમ છે **?**

જવાબ-**112)** જુમ્માનો ખુતબો સાંભળવું ફર્ઝ છે ખુતબો એવી રીતે સાભળો કે હમાતન એવી રીતે કોઈ કામમાં મશગુલ ન થાય અને તેના બધા અંગ અને બદન એવી જ રીતે તવજોહ થી સાંભળવું વાજીબ છે જો કોઈ સુધી અવાજ નથી પહોંચતો તો પણ તેને ચુપ રહેવું વાજીબ છે તેને પણ બીજો કોઇ કામ કરવું હરામ છે.

**(ફતાવાએ રઝવીયા)**

લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



ફતાવા એ હનફીયા



સવાલ-**113)** ખતીબ ખુતબો પઢે છે ત્યારે તરસ લાગી પાણી પીવા જાય કે નહીં ?

જવાબ-**113)** ખુતબો સાંભળતી વખતે એક ગુટ પણ પાણી પીવું હરામ છે અને બીજે ક્યાંય મોઢું ફેરવીને જોવું હરામ છે.

(ફતાવાએ રઝવીયા)


લેખક "

@dr_jhangir_sha_313

સૈયદ ડો.જંહાગીર શાહ



ફતાવા એ હનફીયા



સવાલ-**114)** ખુતબો પઢતી વખતે ખતીબ હુઝુર નું નામે પાક લે તો શું દુરૂદ પઢી શકે છે **?**

જવાબ-**114)** ખુતબામા હુઝુર નું નામે પાક સાંભળી ને દિલમાં દુરુદ પઢે ઝબાન થી ચુપ રહેવું ફર્ઝ છે.

**(ફતાવાએ રઝવીયા)**

લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



## ફતાવા એ હનફીયા



સવાલ-**115)** ખુતબો પઢાઈ રહ્યો હોય ત્યારે નફીલ કે તસ્બીહ પઢવી જાઈઝ છે કે નહીં **?**

જવાબ-**115)** જ્યારે ખુતબો પઢાઈ રહ્યો હોય તે વખતે નફીલ કે તસ્બીહ કે વજીફો પઢવો બિલકુલ જાઈઝ નથી અને પઢશે તો ગુનાહ થશે.

(ફતાવાએ રઝવીયા)

લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**116)** જુમ્મા ની નમાઝ માટે ઓછામાં ઓછા કેટલા માણસ જરૂરી છે જેના વગર જુમ્મો નહીં થાય **?**

જવાબ-**116)** જુમ્માની નમાજ માટે ઓછામાં ઓછા ત્રણ મુક્તદી હોવા જરૂરી છે ઇમામને બાદ કરતા ત્રણ મર્દ મુક્તદી હોવા જરૂરી છે જો એનાથી ઓછા હશે તો નમાઝ જુમ્માની જમાઅત નહીં થાય.

**(ફતાવાએ આલમગીરી)**

લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**117)** જેલમાં ઘણા મુસ્લિમ જેલી છે તો શું તેમાં તે લોકો જુમ્માની નમાજ પઢી શકે છે **?**

જવાબ-**117)** જે જેલમાં જેલી છે કે ત્યાં મુસ્લિમ ની નોકરી હોય જો તેમને રોઝા નમાઝ ની રજા છે છતાં પણ ત્યાં જુમ્માની નમાઝ કાયમ થઈ શકતી નથી કારણ કે જુમ્માની શરત ઇઝને આમ છે જ્યારે બહારનો માણસ જેલમાં નમાજ પઢવા જઈ નથી શકતો એટલે જેલમાં જુમ્મો કાયમ થશે નહીં અને જુમ્મા ના દિવસે જેલીયો જમાઅત થી જોહર નમાજ પઢવી જાયઝ નથી દરેક અલગ અલગ પઢે અને જો જેલ ગામના હદ થી બહાર છે તો જમાઅત થી જોહર પડી શકશે.

(ફતાવાએ રઝવીયા)

લેખક "

@dr_jhangir_sha_313

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**118)** જુમ્મા નમાઝ કેવા બીમાર ઉપર ફર્ઝ નથી અથવા કોને ન પઢવાની રજા છે ખુલાસાથી જણાવો **?**

જવાબ-**118)** બીમાર ઉપર જુમ્મો ફર્ઝ નથી બીમાર એવો જે જુમ્માની નમાઝ માટે મસ્જિદમાં જઈ ન શકે અથવા જશે તો બીમારી વધી જશે પછી સાજો થવામાં ઘણું મોડું થશે શેખફાની યાની એકદમ ઝઈફ જે બુઢાપાની હિસાબે એકદમ કમઝોર હોય મરીઝ ના હુકમમાં છે એના ઉપર પણ જુમ્મો પઢવા જશે તો મરીઝ તકલીફમાં પડી જશે બીજો કોઈ એને સંભાળવા વારો નથી તો એના પર પણ જુમ્મો ફર્ઝ નથી જેની આંખો નબળી જે જોવામાં નાબીના જે પોતાની મેળે જુમ્માની મસ્જિદ સુધી ન જઈ શકે અપાહીજ એવો છે કે કોઈ ઉઠાવીને લઈ જાય તો પણ તેઓના ઉપર જુમ્મો ફર્ઝ નથી.

(રદ્દુલ મુહતાર)

લેખક "

@dr_jhangir_sha_313

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**119)** કોઈનો એક પગ કપાયેલો છે અથવા લકવાથી બેકાર થઈ ગયો શું એના ઉપર જુમ્માની નમાઝ ફર્ઝ છે **?**

જવાબ-**119)** જો તે પોતાની મેળે લકડી થી કે બનાવટી પગથી જઈ શકતો હોય તો ફર્ઝ છે નહીંતર તો નહીં.

(દુરે મુખ્તાર)

લેખક "

@dr_jhangir_sha_313

સૈયદ ડો.જંહાગીર શાહ



## ફતાવા એ હનફીયા



સવાલ-**120)** ક્યાંય માણસનું માલ પડેલો છે અને જો એને મૂકીને જુમ્મો પડવા જશે તો ચોરાઈ જશે એવી પાકી ખાતરી છે બીજો કોઈ એની સંભાળ કરનાર નથી એકલો જશે તો આવી હાલતમાં જુમ્મો ફર્ઝ છે

જવાબ-**120)** આવી હાલતમાં જુમ્મો ફર્ઝ નથી.

(બહારે શરીઅત)

લેખક "

@dr_jhangir_sha_313

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**121)** કોઈ મરીઝ અથવા મુસાફીર જુમ્મા નાં દિવસે તે ગામની મસ્જિદ માં જમાઅતથી જોહર પઢી શકે છે **?**

જવાબ-**121)** જેના ઉપર જુમ્મો ફર્ઝ નથી એવો મુસાફીર યા મરીઝ તેઓને પણ ત્યારે જોહર જમાઅતથી પઢવી મકરૂહે તહરીમી ના જાઈઝ છે જો જુમ્મા થી પહેલા પઢે કે પછી કોઈ પણ રીતે જોહરની નમાઝ જમાઅત થી પઢવાની રજા નથી.

**(દુરે મુખ્તાર)**

લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**122)** કોઈ માઝુર છે પોતાના ઘરે જુમ્માની નમાઝ ના વખતે ઝોહર પઢે તો રજા છે ?

જવાબ-**122)** માઝુર જુમ્માના દિવસે જોહર પઢે તો મુસ્તહબ આવી રીતે છે કે જુમ્માની નમાઝ થઈ જાય પછી પઢે જુમ્મા થી પહેલા પઢવી મકરૂહ છે.(દુરે મુખ્તાર)


લેખક "

@dr_jhangir_sha_313

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**123)** ખતીબ ખુતબો પઢવા મીમ્બર પર બેસે ત્યારે તેના સામે ઊભીને અઝાન પઢવી જાઈઝ છે **?**

જવાબ-**123)** તે અઝાન ખતીબના સામે ઊભીને પઢવુ બીદઅત છે. હુઝુર સલ્લલ્લાહુ તઆલા અલયહી વસલ્લમ ના વખત માં અઝાન દરવાજા થી બહાર ખુલફા એ રાશીદીન ના જમાના માં પણ એવી જ રીતે થતી. હુઝુર ના વખત માં કે ખુલફા એ રાશીદીન ના વખત માં કયારે પણ મસ્જીદ ની અંદર પઢવામાં આવી નથી.

**(ફતાવાએ રઝવીયા)**

લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**124)** શું મસ્જિદ ની અંદર અઝાન દેવી જાઈઝ છે કે નહીં ખુલાસા થી જણાવો **?**

જવાબ-**124)** મસ્જિદ ની અંદર અઝાન પઢવી મકરૂહ છે.(ફતાવાએ રઝવીયા). મસ્જિદે ઈકામત મસ્જીદ ની અંદર જરૂર પઢાશે. હવે અઝાન મીનારા ઉપર મીનારો ન હોય તો મસ્જિદ ની બહાર મસ્જીદ ની સહનમા અને તેમાં ઉલમા એ કીરામ ફરમાવે છે કે મસ્જીદ ની અંદર અઝાન ન પઢવી.(ફતહુલ કદીર)

લેખક "

@dr_jhangir_sha_313

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**125)** ઘણાં માણસો મિયાજીઓ કહે છે કે ઘણાં આગળ ના સમયથી મસ્જિદની અંદર ખુતબા ની અઝાન પઢાય છે હમણાં કેમ બહાર પઢવાનો કહે છે ખુલાસા થી જણાવો **?**

જવાબ-**125)** હજરતે ઉસ્માને ગની અને હજરત મોલા અલી **(**રદીઅલ્લાહો અનહોમાં**)** ના દૌર સુધી બરાબર બે અઝાન એક ખુતબા ના ટાઈમ થી પહેલા અને બીજી ખુતબો પઢતી વખતે મસ્જિદ ના દરવાજા પાસે આપવામાં આવતી રહી મસ્જિદ ની અંદર નહીં.**(**ફતાવાએ રઝવીયા**)**

લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**126)** કોઈ માણસ ફક્ત પાયજામો પહેરીને નમાઝ પઢે છે શું નમાઝ થશે **?**

જવાબ-**126)** જો ઝબ્બો અથવા ખમીશ હાજર હોય તો ફક્ત પાયજામો અથવા લુંગી પહેરીને ને નમાઝ પઢવી મકરૂહે તહરીમી છે. વાજીબુલ ઈઆદા ફરીથી પઢવી પડશે.(ફતાવાએ આલમગીરી)

લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**127)** કબરની સામે નમાઝ પઢવુ કેવું છે **?**

જવાબ-**127)** કોઈપણ કબરની સામે મોઢું કરીને નમાઝ પઢવી જ્યારે કબર અને નમાઝી ના વચ્ચે કોઈ વસ્તુ હાએલ નથી તો નમાઝ મકરૂહે તહરીમી થશે. ફરીથી પઢવી પડશે.

**(ફતાવાએ આલમગીરી)**

લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



## ફતાવા એ હનફીયા



સવાલ-**128)** કપડા ઉપર કોઈ જાનદાર જાનવર ની તસ્વીર છાપેલી છે તો તે પહેરીને નમાઝ પઢે તો નમાઝ થશે **?**

જવાબ-**128)** કોઈ પણ જાનદાર જાનવર ની તસ્વીર વારો કપડો પહેરીને નમાઝ પઢવી મકરૂહે તહરીમી છે નમાઝ વગર પણ આવા કપડાં પહેરવા જાઈઝ નથી એવીજ રીતે નમાઝી ના માથા ઉપર છત ઉપર સામે બાજુ ની સવરે અવરે પડખે આગળ પાછળ કોઈ પણ જાનદાર ની તસ્વીર લગાયેલ હોય અથવા લટકેલી હોય કે દિવાલ મા ચીતરેલી હોય તો પણ ત્યાં નમાઝ મકરૂહે તહરીમી થશે એટલે ફરીથી પઢવી પડશે.

(ફતાવાએ રઝવીયા)


લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



## ફતાવા એ હનફીયા



સવાલ-**129)** નમાઝમાં એક વ્યક્તિ એ ઠંડી ના હિસાબે રૂમાલ બાંધ્યો છે કે આખું મોઢું ઢકાઈ ગયો ખાલી આંખો દેખાય છે શું નમાઝ થશે કે નહીં **?**

જવાબ-**129)** નમાઝની હાલતમાં નાક, મોઢું તેને કોઈ કપડા થી ઢાંકવું કે જેનાથી નાક, મોઢું નઝર ન આવે તો નમાઝ મકરૂહે તહરીમી છે.

**(ફતાવાએ આલમગીરી)**


લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**130)** નમાઝ પઢતી વખતે સજદા માં બન્ને હાથની કલાઈ જમીન ઉપર બીછાવીને સજદો કર્યો નમાઝ થશે **?**

જવાબ-**130)** સજદા માં હાથ ની કલાઈ બીછાવીને સજદો કરવો મકરૂહે તહરીમી છે.

**(ફતાવાએ રઝવીયા)**

લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**131)** મુકતદી ઈમામ થી પહેલા રૂકુઅ,સજદા માં ગયો તો શું નમાઝ થશે **?**


જવાબ-**131)** મુકતદી ને ઈમામ થી પહેલા રૂકુઅ, સજદા માં જવું અથવા સજદા, રૂકૂઅ મા ઈમામથી પહેલા મોઢું ઉપાડવું મકરૂહે તહરીમી છે.

**(ફતાવાએ રઝવીયા)**


લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**132)** પાયજામો અથવા પેન્ટ ને ટેરવા નીચે લટકાવી રાખે છે તો શું જાઈઝ છે **?**

જવાબ-**132)** પાયજામો અથવા પેન્ટ નો પાંચો ટેરવા નાં નીચે તકબ્બુર થી લટકાવી રાખ્યો છે તો બિલકુલ ના જાઈઝ છે.

(ફતાવાએ રઝવીયા)

લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ

# ફતાવા એ હનફીયા

સવાલ-**133)** નમાઝ પઢતી વખતે ટોપી પડી ગઈ
તો શું હુકમ છે **?**

જવાબ-**133)** નમાઝમાં જો સજદા કે હાલતે નમાઝમાં ટોપી પડી ગઈ તો એને ઉપાડી પહેરી લેવી અફઝલ છે.
જ્યારે કે વારે ઘડીએ ન પડતી હોય નહીંતર ફેલે કસીર **(**વધારે કામ**)** થશે કારણ કે અમલે કસીર થી નમાઝ ફાસીદ થઈ જશે પણ જો ખુશુઅ-ખુઝુઅ આજેઝી ઈનકેસારી ની નિયત થી ન ઉપાડે અને એમજ રહેવા દે તો હવે ન ઉપાડવી અફઝલ છે.

**(**ફતાવાએ રઝવીયા**)**

લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



**સવાલ-134)** ઈદ, જુમ્મા નમાઝમાં ઓછામાં ઓછા કેટલા માણસો હોવા જોઈએ ?

**જવાબ-134)** નમાઝે જુમ્મા બન્ને ઈદ માટે ઈમામ ને બાદ કરતા ત્રણ મુકતદી હોવા જરૂરી છે એનાથી ઓછા હશે તો ઈદ, જુમ્મો નહીં થાય.

(ફતાવાએ આલમગીરી)

લેખક "
@dr_jhangir_sha_313
સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**135)** એક માણસ ફર્ઝ નમાઝ એકલો પઢી રહ્યો છે નમાઝ ચાલુ કર્યા પછી જમાઅત ઉભી થઇ ગઈ તો શું હુકમ છે **?**

જવાબ-**135)** જો ફર્ઝ પઢનાર પહેલી રકાઅત નો સજદો નથી કર્યો તો તેને શરીઅત રજા આપે છે કે નમાઝ તોડી જમાઅત મા શામીલ થઈ જાય અને મગરીબ,ફઝર ની નમાઝ મા તો બીજી રકાઅત નો સજદો ન કર્યો હોય તો નમાઝ તોડી જમાઅત મા શામીલ થાય. જોહર, અસર, ઈશા મા બે રકાઅત પણ પઢી લીધી તો તેને નફીલમા ઘણી ને જ્યાં સુધી ત્રીજી રકાઅત નો સજદો નથી કર્યો ત્યાં સુધી જમાઅત મા શામીલ થઈ જાય.

(ફતાવાએ રઝવીયા)


લેખક "

@dr_jhangir_sha_313

સૈયદ ડો.જંહાગીર શાહ



## ફતાવા એ હનફીયા



સવાલ-**136)** નમાઝ માટે અઝાન પઢાઈ નથી અને એમજ નમાઝ પઢી લીધી જાયઝ છે **?**

જવાબ-**136)** નમાઝ પંજગાના **(**પાંચ વખત**)** નમાઝે જુમ્મા માટે અઝાન સુન્નતે મુઅકીદા છે શઆએરે **(**નિશાની**)** ઈસ્લામ કરીબુલ વાજીબ છે અને ઈકામત પણ.

**(**ફતાવાએ રઝવીયા**)**

લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**137)** ઈમામત માટે ઈમામ કેવો હોવો જોઈએ **?**

જવાબ-**137)** માણસો ની ઈમામત કરવા માટે છ શરતો છે.**(૧)** ઈસ્લામ સુન્ની સહીહુલ અકીદા હોવું. મુરાદ મુનાફીક અને બદમઝહબ ઈમામ ન થઈ શકે.**(૨)** બાલીગ હોવું.**(૩)** આકીલ હોવું મજનુ કે પાગલ નહીં થઈ શકે.**(૪)** મર્દ હોવું ઔરત મર્દો ની ઈમામત ન કરી શકે.**(૫)** કિરઅત કરવા ઉપર કાદિર હોવું.**(૬)** માઝુર ન હોવું.

(બહારે શરીઅત)

લેખક "

@dr_jhangir_sha_313

સૈયદ ડો.જંહાગીર શાહ





# ફતાવા એ હનફીયા

સવાલ-**138)** ઈમામત માટે કેવી સલાહીયત હોવી જોઈએ **?**

જવાબ-**138)** ઈમામ એવા માણસ ને બનાવવું જોઈએ જે સુન્ની સહીહુલ અકીદા સહી કુરાન ની કિરઅત તહારત અને નમાઝ માટે ના મસાહીલ નો બરાબર જાણકાર અને એમાં ફીસક કે ગુનાહિત બાબત ન હોય ન કહાબત કે જેનાથી મુકતદી ને નફરત થાય.

**(ફતાવાએ રઝવીયા)**

લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**139)** એક મસ્જિદમાં ઈમામ મુકરર કરેલો છે જે બરાબર બંધી લાયકાત વાળો છે પણ મુકતદી મા કોઈ એનાંથી વધારે ઈલ્મ વારો અને વધારે તજવીદ થી પઢવા વારો છે શું તે ઈમામત કરે **?**

જવાબ-**139)** જે મસ્જીદ માટે સુન્ની સહીહુલ અકીદા લાયક ઈમામ મુકરર કરેલો છે તેજ ઈમામત નો હકદાર છે જો હાજરીન મા એનાથી વધારે ઈલ્મ વારો કે જાણકાર હોય.

(બહારે શરીઅત)

લેખક "

@dr_jhangir_sha_313

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**140)** કોઈ માણસ ની જબાન મા તોતડાપણું છે ઉભી ઉભી ને બોલે છે પણ મોટો આલીમ છે કુરાન પણ સહી પઢે છે તેમજ તજવીદ નો જાણકાર છે શું એને ઈમામ બનાવી શકાય ?

જવાબ-**140)** આવા તોતડા માટે જેના બોલતી વખતે એનાં મોઢાથી અક્ષરો સાફ નથી નીકડી શકતાં જબાન મોટી હોવાને કારણે એવા માણસ પાછળ નમાઝ બાતીલ છે. થશે નહીં.

(ફતાવાએ રઝવીયા)

લેખક "

@dr_jhangir_sha_313

સૈયદ ડો.જંહાગીર શાહ





# ફતાવા એ હનફીયા

સવાલ-**141)** ઈમામ ઝહેરી નમાઝમાં ઉંચા અવાજે પઢવાનો હુકમ છે તેમાં જો ઈમામ ભુલથી બે-ત્રણ આયત હળવેથી પઢી પછી યાદ આવ્યું તો તે જ્યાં એણે મુક્યો છે ત્યાંથી ઉંચા અવાજે પઢવા લાગ્યો નમાઝ થશે **?**

જવાબ-**141)** ઈમામ ઝહેરી નમાઝમાં ઉંચા અવાજે પઢવુ વાજીબ છે તેમાં જો એક આયત પણ આહીસ્તા પઢી ગયો તો સજદાએ સહવ વાજીબ છે.

**(ફતાવાએ આલમગીરી)**

લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ

# ફતાવા એ હનફીયા

સવાલ-**142)** ફર્ઝ,વિત્તર કે સુન્નતે મુઅકીદા નો પહેલો કાયદો ભુલી ગયો અને ત્રીજી રકાઅત માટે ઉભો થઇ ગયો અને ત્રીજી રકાઅત ના રૂકૂઅ વખતે યાદ આવ્યું તો શું નમાઝ થશે **?**


જવાબ-**142)** પહેલો કાયદો ન કર્યો અને જો સીધો નથી થયો તો પાછો કાયદા મા આવી જાય પણ સીધો થઈ ગયા પછી નમાઝ પુરી કરી સજદાએ સહવ કરી લે.

**(ફતાવાએ આલમગીરી)**

લેખક "

@dr_jhangir_sha_313

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**143)** ઈમામ નમાઝમાં કોઈ ભુલ નથી કરી છતાં ભુલથી સજદાએ સહવ કર્યો તો શું નમાઝ થશે **?**


જવાબ-**143)** ઈમામ ઉપર સજદાએ સહવ ન હતો છતાં પણ સજદાએ સહવ ભુલથી કર્યો ઈમામ અને મુકતદી જેની એક પણ રકાઅત છુટી નથી તેઓની નમાઝ થઈ જશે પણ જે સજદાએ સહવ પાછળ જમાઅત મા શામીલ થયાં તેમની નમાઝ થશે નહીં.

(રદુલ મોહતાર)

લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**144)** એક માણસ એક ગામથી પોતાના બાળ બચ્ચા ને લઇને બીજે ક્યાંય ચાલ્યો ગયો જે સાળા સતાવન(૫૭.૫૦) માઈલ થી છેટે છે તે હવે ત્યાં જ રહે છે તો શું પહેલા ગામમાં કદાચ આવે તો એને સફર નમાઝ (કસર) પઢે કે નહીં **?**

જવાબ-**144)** જે માણસ પોતાના કુટુંબ માલ સામાન લઈને બીજે ક્યાંય ચાલ્યો ગયો જે સાળા સતાવન માઈલ થી દુર છે હવે તે આ ગામમાં આંટો મારવા આવે તો જો એના મકાન જમીન અહીંયા બાકી હોય તો એનું વતને અસલી ગણાશે ગામમાં કસર ન પઢે.

(ફતાવાએ આલમગીરી)

લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા




સવાલ-**145)** એક સ્ત્રી પરણી ને જે ગામ આવી તે ગામ સાળા સતાવન માઈલથી છેટે છે હવે જો તે પોતાના માવતરે આવશે તો પુરી નમાઝ પઢે કે કસર **?**

જવાબ-**145)** હવે આ સ્ત્રી માટે એનાં માવતરનું ગામ અસલી વતન રહ્યો નથી જો એ ત્યાં જાય અને પંદર દિવસથી ઓછું રહેવાનું હોય તો કસર પઢે. **(**બહારે શરીઅત જી.૪**)**


લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**146)** કોઈ મસ્જીદ ની છત ઉપર ટાઈલ્સ લગાવ્યા છે અને તેમાં ભુલથી એવો ટાઈલ્સ ફીટ થઈ ગયો જેમાં તસવીર છે તો શું હુકમ છે **?**

જવાબ-**146)** તસવીર જાનદાર ની નમાઝી ની આગળપાછળ ડાબી કે જમણી કે છત ઉપર કે નીચે કોઈ પણ બાજુ હોય તો નમાઝ મકરૂહે તહરીમી છે પણ એને જો રંગથી કે પ્લાસ્ટર થી છુપાવી દીધી તો હવે નમાઝમાં વાંધો નથી અને છત ઉપર ભુલથી એવો ટાઈલ્સ ફીટ થયાં જેના ઉપર જાનદારના ફોટા છે તો તેના ઉપર સિમેન્ટ પ્લાસટર કરી દીધો હોય તો તેના ઉપર પણ નમાઝ પઢવામાં વાંધો નથી. (દુરે મુખતાર)

લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



## ફતાવા એ હનફીયા



સવાલ-**147)** કોઈ તસવીર ખીસ્સામાં અથવા થેલીમાં પડેલ અને દેખાતી નથી તો શું નમાઝ થશે **?**

જવાબ-**147)** થેલી અથવા ખીસ્સા માં છુપાયેલી તસવીર હોય તો નમાઝ માં કાંઈ કરાહત નથી. (દુરે મુખતાર)

લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**148)** અંદર કપડા પહેરેલા છે તેના માં ફોટો છે અને એને બીજા કપડાથી છુપાવી દીધો છે તો નમાઝ થશે **?**

જવાબ-**148)** તસવીર વાળો કાપડ પહેર્યો છે અને તેના ઉપર બીજો કાપડ ઉપર થી પહેરે જેનાથી તે ઢંકાઈ ગઈ તો હવે નમાઝ મકરૂહ નહીં થાય.(રદુલ મુહતાર)

લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**149)** રૂપીયા ની નોટો ઉપર અથવા લાઈસન્સ પાસપોર્ટ ચુંટણી કાર્ડ પાનકાર્ડ જેનાં ઉપર ફોટા છે એ જો ખીસ્સામાં હોય તો નમાઝ થશે નહીં **?**

જવાબ-**149)** હઝરત કાઝી અયાઝ રહેમતુલ્લાહ ફરમાવે છે કે એનાથી વાંધો નથી અને અમારા ઉલમાએ કીરામ પણ એમજ કહે છે.**(**દુરે મુખતાર**)**


લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



## ફતાવા એ હનફીયા




સવાલ-**150)** કોઈ માણસ ના હાથ ઉપર યા કોઈ ભાગ ઉપર જાનદાર ની તસવીર છે તો શું નમાઝ થશે કે નહીં **?**

જવાબ-**150)** જો હાથ ઉપર યા બદનનાં કોઈ ભાગે જાનદાર ની તસવીર ચીતરેલ છે પણ તેને વસ્ત્રોથી ઢાંકી દીધેલો છે તો નમાઝ મકરૂહ નહીં થાય.(દુરે મુખતાર)


લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



## ફતાવા એ હનફીયા



**સવાલ-151) મૈયત ને કેટલા પાણીથી ગુસલ આપે ?**

જવાબ-**151)** મૈયતના પુરા બદન ઉપર એક વખત પાણી વહાવવું ફર્ઝ છે અને ત્રણ વખત પાણી વહાવવું સુન્નત છે.(ફતાવાએ આલમગીરી)

લેખક "

@dr_jhangir_sha_313

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**152)** એક સ્ત્રી નું મૃત્યુ થયો તો શું એનો પતિ એના જનાજાને કંધો આપી શકે **?**

જવાબ-**152)** પત્નીનું ઈન્તકાલ થઈ ગયો તો પતિ ગુસલ ન દઈ શકે અને ના વગર હાઈલ તેના બદન ને છુઈ પણ ન શકે એને જોવાની મના નથી અને જનાજા ને કંધો પણ આપી શકે કબરમાં પણ ઉતારી શકે.**(ફતાવાએ રઝવીયા)**

લેખક "

@dr_jhangir_sha_313

સૈયદ ડો.જંહાગીર શાહ



ફતાવા એ હનફીયા



સવાલ-**153)** સ્ત્રી પોતાના પતિ ને ગુસલ આપી શકે છે ખુલાસાથી જણાવશો **?**

જવાબ-**153)** સ્ત્રી પોતાના પતિને ગુસલ આપી શકે છે પણ આ શરતે પતિના ઈન્તેકાલ વખતે તે તેની નિકાહમાં હોય એટલે તલાક આપેલી ન હોય.(ફતાવાએ રઝવીયા)

લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**154)** મૈયતના ગુસલનાં પાણી માટે રીવાજ છે કે બેરીનાં પાંદડા નાખે છે શું પાણી ગરમ કરવો અને પાંદડા નાંખવાનો શું હુકમ છે **?**

જવાબ-**154)** ગુસલ માટે પાણી ગરમ કરવો એમાં બેરીનાં પાંદડા કાફુર મીલાવવું સુન્નત છે.(બહારે શરીઅત)

લેખક "

@dr_jhangir_sha_313

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**155)** મૈયત ને ગુસલ આપનાર માણસ તેને ગુસલ ની જરૂરત હતી ભુલી ગયો અને મૈયતને ગુસલ દીધો અને સ્ત્રી હૈઝની હાલતમાં ગુસલ આપી શકે કે નહીં **?**

જવાબ-**155)** જો જુનુબી જેને ગુસલની જરૂરત છે અને હૈઝેવારી સ્ત્રી ગુસલ આપી શકે છે ફકત મકરૂહ છે. (ફતાવાએ આલમગીરી)


લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**156)** એક માણસનું એવી જગ્યાએ મૃત્યુ થયો જ્યાં પાણી નથી શું હુકમ છે **?**

જવાબ-**156)** તો મૈયતને તય્યમુમ કરાવી જનાજા નમાઝ પઢાવે જો નમાઝે જનાજા પાછળ દફનથી પહેલા પાણી મલી ગયું તો મૈયતને ગુસલ આપી નમાઝે જનાજા ફરીથી પઢે.(ફતાવાએ આલમગીરી)

લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



## સવાલ-**157)** મૈયતને કફન આપવું જરૂરી છે જો વગર કફન પોતાનાં કપડામાં દફન કરી દીધો તો શું હુકમ છે ?

જવાબ-**157)** મૈયતને કફન આપવું ફર્ઝે કિફાયા છે અને કફનમાં ત્રણ પ્રકાર છે.**(૧)**કફને જરૂરત.**(૨)**કફને કિફાયત.**(૩)**કફને સુન્નત. કફને જરૂરત મજબુરીમાં જે પણ મળે પણ ઓછામાં ઓછો એનો પુરો શરીર ઢંકાઈ જાય એટલો કપડો જો એક જ કપડો હોય મર્દ અને ઔરત બંને માટે એ જ હુકમ છે.**(નં.૨)**કફને કિફાયત માણસ માટે બે કપડા ચાદર અને તેબંદ ઔરત માટે ૩ કપડા ચાદર ઓઢણી તેબંદ.**(નં.૩)** કફને સુન્નત માણસ માટે ૩ કપડા ચાદર ઈઝાર કમીસ **(**કફની**)** ઔરત માટે ૫ કપડા ચાદર, ઈઝાર કમીસ, ઓઢણી સીનાબંધ.**(**ફતાવાએ રઝવીયા**)**


લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



ફતાવા એ હનફીયા




સવાલ-**158)** બાળક મરેલ જનમ્યો એને કફનની જરૂરત છે **?**

જવાબ-**158)** બાળક મરેલ અથવા કાચો જનમ્યો તેને એક કપડામાં વિટાળીને દફન કરી દે. (ફતાવાએ રઝવીયા)


લેખક "

@dr_jhangir_sha_313

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**159)** જો કોઈ મુસ્લીમ હિજડો મૃત્યુ થઈ ગયો તો તેને કફન કેટલો આપવો પડે **?**

જવાબ-**159)** હિજડાને પાંચ કપડાવાળો કફન આપવામાં આવશે (બહારે શરીઅત જી. ૪)

લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**160)** મૈયતના કફન સાથે એના સીના પર કોઈ બરકતવાળી વસ્તુ જેવી રીતે ગીલાફે કાબાનો ટુકડો રાખવો શું જાઈઝ છે **?**

જવાબ-**160)** હઝરત અનસ બીન માલિક રદીઅલ્લાહો અનહો એ વસીયત કરી હતી તે અસા મુબારક જે હુઝુર સલ્લલ્લાહો અલૈહૈ વ સલ્લમની હતી આપ આખી જિંદગી જેને સાચવી રાખ્યો હતો તેને કફનમાં રાખવાની વસીય્યત કરી જે રાખવામાં આવી.(બહારે શરીઅત)

લેખક "

@dr_jhangir_sha_313

સૈયદ ડો.જંહાગીર શાહ





# ફતાવા એ હનફીયા

સવાલ-**161)** વુઝુ અને ગુસલ માટે પાણી જે પાક હોવું જોઈએ એ પાણી શું તળાવ અથવા કુવાનું જો એમાં કોઈ ગંદકી થઈ ગઈ તો વુઝુ થશે **?**


જવાબ-**161)** વરસાદ,નદી,નાલી,તળાવ,કુવા,દરીયા એના પાણીથી વુઝુ અને ગુસલ થશે પણ શરત કે તે પાક હોવું જોઈએ એટલે તેનો રંગ,વાસ,સ્વાદ એનું પાતળા પણ જે બીજી ચીજ મળવાથી ઘાટો થઈ ગયો કે હવે પાણીની શીકલ રહી નહીં તો વુઝુ કે ગુસલ થશે નહીં.

(બહારે શરીઅત)

લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



ફતાવા એ હનફીયા




સવાલ-**162)** કોઈ ઝાડના પાણીથી વુઝુ થશે કે નહી ?

જવાબ-**162)** ફળ કે ઝાડ જેનું નીચોડેલો પાણી એનાથી વુઝુ નહીં થાય.(બહારે શરીઅત)


લેખક "

@dr_jhangir_sha_313

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**163)** પાણીમાં માખી મરી ગઈ પાણી એક ડોલ છે તો શું એ પાણી પાક કે નાપાક ?

જવાબ-**163)** માખી,મચ્છર,ડંખ મધમાખી,વિછી,કીડા-મકોડા જેમાં ખુન નથી એ જો પાણીમાં મરી જાએ તો વુઝુ જાઈઝ છે.(ફતાવાએ આલમગીરી)


લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**164)** પાણી નો તળાવ છે તેમાં જાનવર મરી ગયો શું વુઝુ થશે **?**

જવાબ-**164)** દહ દરદા એટલે દસ હાથ લાંબુ દસ હાથ પહોળો હોજ હોય એને મોટો કહેવામાં આવે છે કે અને જો લંબાઈ ચોડાઈ સો હાથ ન થાય તો નાનો હોજ કહેવામાં આવે છે મોટા હોજમાં જો કોઈ નજાસત પડી જાયતો વુઝુ જ્યાં સુધી એનો રંગ સ્વાદ ખુશબુ ન બદલી થઈ જાય અને સો હાથથી નાનાં હોજમાં થોડી નજાસત પડી જશે તો પાણી નાપાક થશે નહીં.(ફતાવાએ આલમગીરી)

લેખક "

@dr_jhangir_sha_313

સૈયદ ડો.જંહાગીર શાહ



## ફતાવા એ હનફીયા



સવાલ-**165)** હાંડો પાણીનો છે તેમાંથી કોઈ મોઢું નાખીને પાણી પીધું હવે આ પાણીથી વુઝુ થશે **?**

જવાબ-**165)** જે જાનવર હલાલ છે જેનો માંસ ખાવામાં આવે છે તેનો એઠો પાણી પાક છે નાપાક નથી.

**(ફતાવાએ આલમગીરી)**

લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



ફતાવા એ હનફીયા




## સવાલ-**166)** નાનાં બાળકને કફનની જરૂરત છે કે કેમ?

જવાબ-**166)** જો બાળકને જીવતો જન્મ્યો પછી તરતજ મૃત્યુ પામ્યો તો એને કફન આપવું પડશે.(બહારે શરીઅત)

લેખક "

@dr_jhangir_sha_313

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



**સવાલ-167)** કુવામાં જો કુતરો પડીને મરી ગયો તો શું આ પાણીથી વુઝુ થશે **?**

**જવાબ-167)** ગાય ભેંસ બકરી કોઈ મોટો જાનવર મરી જાય અથવા વહેતા ખુનવાળો નાનો જાનવર કુવામાં પડીને મરીને ફુટી ગયો આખા કુવાનું પાણી કાઢવું પડશે.(બહારે શરીઅત)

લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા




સવાલ-**168)** કોઈ જાનવર કુવામાં પડીને જીવતો કાઢી લેવામાં આવ્યો તો શું પાણી નાપાક થયો કે નહીં ?

જવાબ-**168)** બીલાડી,મરઘી અથવા એના જેટલો જાનવર કુવામાં પડીને મરી ગયો તો ડોલ કાઢવી પડે અને છીપકલી ઉંદર ગીરગટ આ જાનવર અને સડયા ફાટયાથી પહેલાં કાઢી લેવામાં આવે તો **20** ડોલ કાઢવી વાજીબ છે અને **30** ડોલ કાઢવી મુસ્તહબ છે.(બહારે શરીઅત)


લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



ફતાવા એ હનફીયા



સવાલ-**169)** કબુતર કુવામાં બેસે છે તો એની ભીંટથી પાણી નાપાક થશે **?**


જવાબ-**169)** હલાલ પક્ષીઓ કબુતર અને ઉંચા ઉડવા વારા એમની ભીઠથી પાણી નાપાક થશે નહીં.

**(**ખાનીયા**)**

લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**170) 100** હાથનાં હોજમાં વચમાં કુવારો **5** અથવા **6** ફુટનો રાખવામાં આવ્યો તો શું એના **100** ફુટમાં ગણાશે **?**

જવાબ-**170) 100** હાથના હોજમાં જો થાંભલો કે ફુવારો **100** હાથમાં શામીલ હોય તો એ દહ દરદા એટલે મોટો હોજ ગણાશે નહી થાંભલા ફુવારાને બાદ કરીને **100** હાથ હોવું જોઈએ.(બહારે શરીઅત)

લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**171)** કુવા માં કોઈ જાનવર અથવા માણસનું પેશાબ પડી ગયો તો શું હુકમ **?**

જવાબ-**171)** માણસ અથવા જાનવર અથવા વહેતું લોહી અથવા તાડી દારૂ અથવા નાપાક લકડો અથવા કપડો અથવા કોઈ નાપાક વસ્તુ પડી જાય તો કુવાનું પાણી કાઢવું પડશે.(બહારે શરીઅત)

લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**172)** કુવામા ઉંદર પડી ગયો મરીને ફાટી ગયો તો શું પાણી નાપાક થશે **?**

જવાબ-**172)** મરઘો-મરઘી, બિલાડી,ઉંદર,ગરોળી અથવા બીજું કોઈ લોહીવાળો જાનવર કુવામાં પડીને મરી ફુલી ફાટી ગયો તો તે કુવાનું પાણી કાઢવું પડશે.

લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**173)** પાણી રાખેલું છે એમાંથી કાગડો પાણીમાં ચાંચ બોળીને પી ગયો તો હવે પાણી શું નાપાક થશે ?

જવાબ-**173)** ઉડનાર શિકારી જાનવર જેવા કે બાજ,સીચોણું,સમડી,કાગડા વગેરેનું પાણી મકરૂહ છે અને બાજ વગેરેને શિકાર માટે પાડેલા છે અને એની ચાંચમાં જાહેર નજાસત લાગેલ ન હોય તો હવે એનું એઠું પાક છે.(બહારે શરીઅત)


લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**174)** તય્યમુમ ક્યારે કરી શકે?ક્યારે જાઈઝ છે **?**

જવાબ-**174)** જ્યાં ચારે તરફ એક માઈલ સુધી પાણીનો કોઈ પતો નથી ત્યાં તય્યમુમ જાઈઝ છે

લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા




સવાલ-**175)** એવી જગ્યા છે જ્યાં પાણી નથી અને પાણી વેચાતું મળે છે તો શું હવે તય્યમુમ કરે **?**

જવાબ-**175)** પાણી વેચાતું મળે છે અને તમારી પાસે જરૂરતથી વધારે પૈસા નથી તો તય્યમુમ જાઈઝ છે.


લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા




સવાલ-**176)** કોઈ માણસ ઝકાતનાં પૈસામાંથી ગરીબો ફકીરોને અનાજ રાંધીને ખવડાવી દીધો તો શું ઝકાત અદા થશે કે નહીં **?**

જવાબ-**176)** અનાજ રાંધીને ખવડાવે તો ઝકાત અદા નહીં થાય કારણ કે હકદારને એનો માલનું માલિક બનાવવું શરત છે.(દુર્રે મુખતાર)


લેખક "

@dr_jhangir_sha_313

સૈયદ ડો.જંહાગીર શાહ



ફતાવા એ હનફીયા



સવાલ-**177)** એક માણસ ઈસ્લામમાં દાખલ થયો હવે જે કુફ્રની હાલતમાં દૌલત હતી તેની ઝકાત આપે કે નહીં **?**

જવાબ-**177)** ઈસ્લામમાં દાખલ થઈ ગયા પછી જ એના ઉપર ઝકાત ફર્ઝ છે કુફ્રની હાલતમાં જે માલ હતું તેની ઝકાત હવે અદા કરવી નહીં પડે.

(ફતાવાએ આલમગીરી)

લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા




સવાલ-**178)** એક માણસ પાસે **5** લાખ રૂપીયા આવ્યા **5** થી **6** મહિના સુધી એના પાસે હતા હવે તે વપરાઈ ગયાં એક પણ પૈસો રહ્યો નહીં પાછો **6** થી **7** મહિના રહીને એને બીજા **5** લાખ મળ્યા તો શું હમણાં બંને રકમની ઝકાત કાઢવી પડશે ખુલાસાવાર જણાવશો **?**

જવાબ-**178)** પાંચ લાખ રૂપીયા હતાં **6** મહિનામાં વપરાયા વરી **6** મહિના પાછળ **5** લાખ આવ્યા અને બંનેની ઝકાત નથી પાછલા પૈસાને જ્યારે બાર મહિના પુરા થઈ જાય ત્યારે આ પાંચ લાખની ઝકાત કાઢવી પડશે. **(**ફતાવાએ આલમગીરી**)**

લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**179)** એક માણસ પાસે ગાયો છે,ભેંસો છે,બકરીઓ છે,ઉંટો છે પણ દરેક ઝકાત જેટલાં નથી તો શું એની જોડસડ કરીને ઝકાત આપવી પડશે **?**

જવાબ-**179)** જો મીક્સ માલ છે પણ કોઈ પણ ઝકાત લાગુ પડે એટલો નથી તો એના ઉપર ઝકાત વાજીબ નથી.**(**દુર્રે મુખતાર**)**

લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



## ફતાવા એ હનફીયા




સવાલ-**180)** એક માણસ પાસે **80** બકરી છે એને એમાં **10** ભાગીદાર છે તો શું આ બકરીઓ ઉપર ઝકાત થશે **?**

જવાબ-**180)** આ બકરીઓ ઉપર ઝકાત થશે નહી દરેક એકની **8** બકરી છે એટલે ઝકાત થશે નહીં.


લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



## સવાલ-**181)** એક માણસ સોનાનાં દાગીનું ગીરવી રાખ્યો છે તો શું રાખનાર અને જેની પાસે છે તેના ઉપર ઝકાત છે કે નહીં ?

જવાબ-**181)** ગીરવી જેના પાસે છે તે તેનો માલિક નથી અને જેણે રાખી છે તેના કબજામાં નથી બંને ઉપર ઝકાત વાજીબ નથી અને હવે ગીરવી છોડાવી તો જેટલા ટાઈમ ગીરવી હતી તેની પણ ઝકાત હવે અદા કરવાની જરૂર નથી.(દુર્રે મુખતાર)


લેખક "

@dr_jhangir_sha_313

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા




સવાલ-**182)** એક માણસનું માલ ઝકાત જેટલો હતો એ ગુમ થઈ ગયો એક વર્ષ પછી એને મળ્યો તો શું ગુમ થયો તે દરમિયાન વર્ષની ઝકાત દેવી પડશે **?**

જવાબ-**182)** જેટલો વખત માલ ગુમ થઈ ગયો એટલા ટાઈમની ઝકાત વાજીબ નથી કારણ કે એટલો ટાઈમ આના પાછળ એના કબજામાં ન હતો.(દુર્રે મુખતાર)


લેખક "

@dr_jhangir_sha_313

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



**સવાલ-183)** એવા ક્યાં ઉઝર છે કે જેના કારણે રોઝો ન રાખે તો ગુના ન થાય ?

જવાબ-**183)(1)**શરઈસફર**(2)**હમલ,**(3)**બાળકને દુધપીવડાવવાળી ઔરત,**(4)**બીમારી,**(5)**ગરડાપણ, **(6)**હલાક થવાનો ડર,**(7)**ગાંડપણ,**(8)**જેહાદ આ બધાં ઉઝર રોઝો ન રાખે તો ગુનેગાર નથી.

(દુર્રે મુખતાર)

લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



**સવાલ-184)** હામેલા અને દુધ પીવડાવવા વાળી દરેક રોઝો ન રાખે તો રજા છે ?

**જવાબ-184)** હામેલા અને દુધ પીવડાવવા વાળી ઔરતને જો પોતાનો અને બાળકનાં જાનની સાચી આશંકા છે તો ઈજાઝત છે કે તે સમયે રોઝો ન રાખે.(દુર્રે મુખ્તાર)

લેખક "

@dr_jhangir_sha_313

સૈયદ ડો.જંહાગીર શાહ



## ફતાવા એ હનફીયા



સવાલ-**185)** શું ઔરતને રોઝાની હાલતમાં હૈઝ આવ્યો તો રોઝો પુરો કરે શું હુકમ છે **?**


જવાબ-**185)** સ્ત્રીને માસિક અથવા નિફાસ આવી ગયો તો ત્યારે જ રોઝો ટુટી ગયો જ્યારે તે સમય પુરો થાય તો રોઝા પાછા રાખે.

**(ફતાવાએ આલમગીરી)**


લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



## ફતાવા એ હનફીયા



સવાલ-**186)** એ કયા દિવસો છે જેમાં રોઝા રાખવા મનાઈ છે ?

જવાબ-**186)** ઈદુલફીતર,બકરી ઈદ અને ઝીલહજજાની અગિયારમી બારમી તેરમીના રોઝા રાખવાની મનાઈ છે.

**(દુર્રે મુખતારે)**

લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**187)** એક માણસ તવાફ કરે છે ફેરા પુરા થયા નથી ને જમાઅત કાયમ થઈ તો શું છે **?**

જવાબ-**187)** તો ત્યાં મુકીને જમાઅતમાં શરીક થાય એનાથી તવાફ ટુટશે નહીં પાછો જ્યાં મુક્યો હતો ત્યાંથી ચાલુ કરીને પુરો કરે વગર કારણ આવું કરવું મકરૂહ છે

**(દુર્રે મુખતાર)**

લેખક "

@dr_jhangir_sha_313

સૈયદ ડો.જંહાગીર શાહ



## ફતાવા એ હનફીયા



સવાલ-**188)** તવાફ કરતી વખતે ભીડ ઘણી જ છે મકામે ઈબ્રાહીમ પાસે નમાઝ પઢી શકતો નથી તો શું કરે **?**


જવાબ-**188)** તો મસ્જિદે હરામમાં જ્યાં પણ જગ્યા હોય નમાઝ પઢી લે અને મસ્જીદની અંદરથી બીજે ક્યાં પઢશે તો પણ થઈ જશે.

**(ફતાવાએ આલમગીરી)**


લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



**સવાલ-189)** હજ્જ કરનાર મક્કા જતાં પહેલાં અરફાતમાં ચાલ્યો ગયો અને તવાફે કુદુમ કર્યો નહીં તો શું કરે **?**


**જવાબ-189)** તો તવાફ કુદુમ સાકીત (રદ) થઈ ગયો પણ એણે બરાબર ન કર્યું કે સુન્નત છુટી ગઈ પણ દમ પડશે નહીં.

(રદુલ મોહતાર)

લેખક "

@dr_jhangir_sha_313

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**190)** શૈતાનને કાકરી સાતથી ઓછી મારી તો શું એનાથી દમ વાજીબ થશે **?**

જવાબ-**190)** સાતથી ઓછી કાકરીઓ જાઈઝ નથી જો ત્રણ મારી અથવા બીલકુલ ન મારી તો એને દમ આપવો લાઝીમ છે અને જો ચાર મારી તો બાકીની તેના બદલામાં દરેક કાકરીનાં બદલામાં સદકો આપે.

(રદુલ મોહતાર)

લેખક "

@dr_jhangir_sha_313

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા




સવાલ-**191)** એક માણસ ઘરેથી ચાલ્યો ગયો ઘણાં ટાઈમ પાછળ પત્ર આવ્યો જેમાં પત્ની ને તલાક લખી છે તો શું તલાક થશે અને ઈદદતમાં સ્ત્રી બેસે કે કેમ **?**

જવાબ-**191)** ઔરતને કોઈએ ખબર આપી કે તને તારા પતીએ તલાક આપી અથવા પત્ર આવ્યો અને તેમાં તેણે તલાક લખી છે તો સ્ત્રીને ચોક્કસ વિશ્વાસ છે કે આ મારા પતીનો જ પત્ર છે અથવા કહેનાર સાચું કહે છે તો તે સ્ત્રી ઈદદત ગુજારી બીજો નિકાહ કરી શકે છે.

લેખક "
**@dr_jhangir_sha_313**
સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**192)** કોઈ પોતાની પત્નીને તલાક આપી પછી તેણે કહ્યું કે મારાથી ભુલ થઈ ગઈ તો શું તલાક પડશે **?**

જવાબ-**192)** જો એક તલાક આપી છે તરત જ રીજઅત કરે ભુલ નો અહેસાસ થયો તો તલાક નથી પણ એક તલાક આપીને ત્રણ માસીક પસાર થઈ ગયા પછી એણે કહ્યુ કે ભુલ થઈ તો તેને ફરીથી નિકાહ કરવી પડશે અને જો ત્રણ એક સાથે આપી હતી તો હવે હલાલો કર્યા વગર નિકાહ કરી શકે નહીં.

લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**193)** એક માણસ મૃત્યુથી પહેલા પોતાની પત્નીને વસીયત કરી કે મારા મરણ પછી તું સુગ ન કરજે તો શું ચાર મહીના દસ દિવસ સ્ત્રીને બેસવાની જરૂર નથી **?**

જવાબ-**193)** જો વસીયત કરી ગયો છે કે સુગ ન કરજે તો પણ એ સ્ત્રી સુગ કરશે કારણ કે સુગ વાજીબ છે. (દુર્રે મુખતાર)


લેખક "

@dr_jhangir_sha_313

સૈયદ ડો.જંહાગીર શાહ



## ફતાવા એ હનફીયા



સવાલ-**194)** સુગ શું જરૂરી છે તો જરૂરી હોય તો તે કેટલો સુગ મરનારનો કુટુંબી કરે **?**


જવાબ-**194)** મરનારની સ્ત્રી ચાર મહિના દસ દિવસ, અને બીજા માતા પિતા ભાઈ બહેન સગાં સંબંધી ત્રણ દિવસ સુગ કરે તેથી વધારે મનાઈ છે સુગ કરવું વાજીબ છે.

(દુર્રે મુખતાર)

લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**195)** નમાઝે જનાઝા માટે ઈમામને કયાં ઉભવું જોઈએ **?**

જવાબ-**195)** ઈમામ મૈય્યતના સીના ની સામે ઉભે મૈય્યત મર્દ હોય કે ઔરત સીનાની મુકાબીલે ઉભવું મુસ્તહબ છે.

**(બહારે શરીઅત)**

લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**196)** એક એવો મૈય્યત છે કે જેના જીસ્મના ટુકડા થઈ ગયાં છે તો એની નમાઝ જનાઝા કેવી રીતે પડે **?**

જવાબ-**196)** મૈય્યતનાં બદનના બધાં અથવા અકસર ટુકડા અડદા માથા સાથે મોજુદ હોવા જરૂરી છે નહી તો નમાઝ થશે નહી કારણકે ગાયબની નમાઝે જનાઝા જાઈઝ નથી.

લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



## ફતાવા એ હનફીયા



**સવાલ-197) નમાઝ જનાઝા ને પાછળ રાખીને કોઈ નમાઝ પઢે તો થશે કે નહી ?**

**જવાબ-197)** જનાઝા નમાઝીયો ની સામે હોવું શરત છે અગર પાછળ હોય તો નમાઝ સહી નથી.(બહારે શરીઅત)

લેખક "

@dr_jhangir_sha_313

સૈયદ ડો.જંહાગીર શાહ



## ફતાવા એ હનફીયા



સવાલ-**198)** જો જનાઝો ઉંધો રાખવામાં આવ્યો સરની જગ્યાએ પગ રાખીને નમાઝ જનાઝા પડાઈ તો શું થઈ જશે **?**

જવાબ-**198)** જો ભુલથી જમણા તરફ પગ અને ડાઈ તરફ સર રાખીને પડે તો નમાઝ થઈ જશે પણ અગર જાણી બુઝીને કર્યા તો ગુનેગાર થશે.(બહારે શરીઅત)

લેખક "

@dr_jhangir_sha_313

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**199)** જનાઝા ત્રણ-ચાર છે અને જગ્યા ત્રાંસી છે બધાં તરતીબવાર ગોઠવી રખાતા નથી તો હવે કેવી રીતે સીનાની મુકાબલે રાખી પડાશે **?**

જવાબ-**199)** અગર એવી જગ્યા છે તો એક જે આગળ છે તેના જ સીના નાં મુકાબલે ઉભે પછી બીજા ભલે બીન તરબીબ જગ્યાના કારણે હોય વાંધો નથી.**(**બહારે શરીઅત**)**


લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**200)** નમાઝે જનાઝામાં ઈમામ પાછળ મુકતદી શું પઢે કે ખામોશ ઉભો રહે **?**

જવાબ-**200)** મુકતદી ને તમામ દુઆઓ પઢવી જોઈએ નમાઝમાં ઈમામ પાછળ કુરઆન ન પઢે બાકી જનાઝામાં સના સાથે બધી દુઆઓ પઢવી પઢશે.(ફતાવાએ રઝવીયા)

લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



**સવાલ-201)** કોઈ પણ નમાઝે જનાઝામાં શરીક થયો ત્યારે અમુક તકબીરો નીકડી ગઈ તો શું કરે **?**

**જવાબ-201)** તો ઈમામ જ્યારે સલામ ફેરવે ત્યારે બાકીની તકબીરો તરતીબવાર પઢો જેટલી છુટી જો દરૂદ શરીફ પઢે પછી જો એક તકબીર પાછલી માં આવ્યો તો પહેલા સના પઢે પછી બીજી તકબીર માં દરૂદ શરીફ પઢે પછી ત્રીજીમાં જનાઝાની દુઆ પઢે અને પછી સલામ ફેરવી દે, આવી રીતે જેટલી છૂટી ગઈ એ તરબીબ પ્રમાણે પઢી લે.

**(ફતાવાએ રઝવીયા)**


લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**202)** નમાઝ જનાઝા માં કેટલી સફ બનાવી જોઈએ.

જવાબ-**202)** બેહતર છે કે ત્રણ સફ કરે કારણ કે હદીશ શરીફમાં છે કે જેની ત્રણ સફો નમાઝ પઢે તેની મગફીરત થઈ જશે.**(**બહારે શરીઅત**)**
હઝરત માલીક બીન હુબેરરા રદી. થી રીવાયત છે કે નબી કરીમ સ.અ.વસ. ફરમાવ્યું કે જે ની ઉપર નમાઝ જનાઝા ત્રણ સફો એ પઢી તેની મગફીરત થઈ જશે. **(**અબુદાઉદ**)**


લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**203)** કોઈ માણસ લાખ રૂપીયાનો દાગીનો ગેરવી રાખ્યો તો શું એની ઝકાત દેવી પઢશે **?**


જવાબ-**203)** ગીરવી રાખેલી વસ્તુની ઝકાત ન રાખનાર પર છે અને ન જેની પાસે રાખી છે તેના પર વાજીબ નથી કારણ કે તેનો માલીક નથી અને રાખનાર પર કેમકે તે પણ સંપૂર્ણ માલીક નથી અને જેટલો સમય રાખ્યો કદાચ વર્ષો થઈ ગયા તો પણ તે સમયની ઝકાત વાજીબ નથી.

(દુરે મુખતાર)


લેખક "

@dr_jhangir_sha_313

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**204)** એક માણસ પાસે માલ હતો તેણે કોઈ જગ્યા દફન કરી દીધો પછી યાદ ન રહ્યો અને તેને ઘણાં વર્ષો પછી યાદ આવ્યો અને માલ મળી ગયો તો શું ઝકાત કાઢવી પડશે **?**

જવાબ-**204)** જે માણસ માલ દાટી દીધો અને યાદ ન રહ્યો વર્ષો વીતી ગયા ઘણા વર્ષો બાદ માલ મળ્યો તો આટલા સમયની ઝકાત વાજીબ નથી.(દુરે મુખતાર)

લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**205)** ઝકાત દેવા માટે રકમ લઈને નીકળ્યો અને રસ્તામાં ફકીરોએ તેને ઘેરો કરીને બધો માલ લુટી લીધો તો શું ઝકાત અદા થઈ ગઈ **?**

જવાબ-**205)** જો એવા ફકીરો હોય જે ઝકાત આપવાનાં મુસ્તહેક છે તો તેની ઝકાત અદા થઈ ગઈ

**(**ફતાવાએ આલમગીરી**)**

લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**206)** કેટલા ઉંટ ઉપર ઝકાત વાજીબ થાય છે. સમજાવશો.

જવાબ-**206)** પાંચ ઉંટ થી ઓછા ઉંટ ઉપર ઝકાત નથી જ્યારે **5** અને **5** કરતા વધારે હોય પણ **25** થી ઓછા હોય તો દરેક દરેક **5** ઉપર **1** બકરી ઝકાત આપે પછી દર **5** પછી **1** બકરી જયારે પુરા **25**થઈ જાય ત્યારે એક વર્ષ પૂરો કરી બીજો વર્ષ માં ગયો એવો એક બચ્ચો **1** ઝકાતમાં આપે **35** સુધી એ જ હુકમ છે. પછી **36** થી **45** સુધી **2** વર્ષનો પૂરા કરી ત્રીજા વર્ષમાં હોય એવો બચ્ચો **46** થી **60** સુધી એક ઉટડી પછી **76** થી **90** તો **2**વર્ષના **2**બચ્ચા આપે. **91** થી **120** સુધીમાં **3**વર્ષના પછી દર પાંચ ના વધારામાં બે ત્રણ વર્ષ સાથે **1** બકરી પછી જયારે **150** થાય તો તેમાં ત્રણે વર્ષે પૂરા કરેલી પણ પછી વધે તો એવી જ રીતે દર પાંચમાં એક બકરી એવી રીતે ગણતરી કરી લેવી.

લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા




સવાલ-**207)** ગાયની ઝકાત કેવી રીતે આપે **?**

જવાબ-**207)** ત્રીસ કરતાં ઓછી ઉપર ઝકાત વાજીબ નથી જ્યારે ત્રીસ પુરી થાય એક વર્ષનું વાછડું અથવા વાછડી આપે જ્યારે **40** થાય તો **2**વર્ષનું વાછડો કે વાછડી **50** સુધી એ જ હુકમ છે જ્યારે **70** થાય ત્યારે **1**વાછરડુ  **2**વર્ષનું જ્યારે **80** થાય ત્યારે બે-બે વર્ષના આપે એ જ પ્રમાણે ગણતરી કરી લેવી. જ્યારે **120** થાય તો એને ઈખ્તયાર છે કે **1** વર્ષના ચાર આપે કે **2** વર્ષના ત્રણ આપે ગાય-ભેંસ એક જ હુકમ છે.



લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા




સવાલ-**208)** ભેડ અને બકરીની ઝકાત નો શું હિસાબ છે **?**

જવાબ-**208) 40** કરતા ઓછી બકરી કે ભેડ ઉપર ઝકાત વાજીબ નથી જ્યારે **40** થાય તો **1** બકરી ઝકાત આપે આ હુકમ છે **120** સુધી છે **121** થી **200** સુધી પછી **2** પછી **201** થી ત્રણ પછી **400** માં ચાર એવી રીતે દર સો પાછળ એક હિસાબે આવે તો ઝકાતમાં બકરો કે બકરી આપે ઈખ્તીયાર છે.**(**દુરે મુખતાર**)**


લેખક "

@dr_jhangir_sha_313

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**209)** એક માણસ ત્રાંબાની દેગો ભાડે આપવા માટે રાખેલી છે તો શું એ દેગોની ઝકાત થશે ?

જવાબ-**209)** ભાડે આપવા રાખેલ દેગો ઉપર ઝકાત નથી એવી જ રીતે મકાન તેની પણ ઝકાત નથી.

**(ફતાવાએ આલમગીરી)**

લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા




**સવાલ-210) ઝકાત એક માણસ જે પોતાની ઔરતને તલાક આપી દીધી છે તેને આપી શકે કે નહી ?**

**જવાબ-210) પતી પોતાની પત્ની ને ઝકાત આપી શકતો નથી. ભલે ને ત્રણ તલાક આપી હોય પણ જ્યાં સુધી ઈદ્દતમાં છે ઈદ્દત પૂરી થઈ ગઈ હોય તો હવે આપી શકે. (દુરે મુખતાર)**

લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**211)** કોઈ માણસ એક માણસને તલાક આપવા મજબુર કર્યુ કે તારી ઔરતને તલાક આપ નહીંતર હું તને મારી નાખીશ અથવા જબરદસ્તથી નશો પીવડાવીને તલાક અપાવી શું તલાક થશે ?

જવાબ-**211)** આ સગડી હાલતમાં

તલાક થશે નહી.

**(દુરે મુખતાર)**


લેખક "

@dr_jhangir_sha_313

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**212)** એક માણસ ગુંગો છે એણે ઈશારાથી તલાક આપી શું થઈ જશે ?

જવાબ-**212)** અગર ભણેલો ન હોય તો થઈ જશે પણ ભણેલો હશે તો લખીને આપવી જરૂરી નહીતર થશે નહી.

(ફતહુલ કદીર)

લેખક "

@dr_jhangir_sha_313

સૈયદ ડો.જંહાગીર શાહ







# સવાલ-213) એક માણસ બીજા પાસેથી તલાક લખાવીને મોકલાવી શું તલાક થશે ?

**જવાબ-213) તલાક થઈ જશે.**

**(રદુલ મુહતાર)**

લેખક "

@dr_jhangir_sha_313

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**214)** કોઈ માણસ એક માણસને કહ્યું કે તું મારી તલાક લખી આપ હું એને તલાક આપું છું પણ પોતાને ન લખી આપ્યું શું તલાક થશે ?

જવાબ-**214)** લખવા વાળાને જે કહ્યું કે હું તલાક આપું છું તે એ એકરાર કર્યો એટલે તલાક થઈ જશે ભલે પોતે ન લખે.

(રદ્દુલ મુહતાર)

લેખક "

@dr_jhangir_sha_313

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**215**) એક માણસે કહ્યું કે તને હું બે સો તલાક આપું છું તે તલાક થશે ?

જવાબ-**215**) એના ઉપર પણ તલાક પડી જશે.

(દુરે મુખ્તાર)

લેખક "

@dr_jhangir_sha_313

સૈયદ ડો.જંહાગીર શાહ



ફતાવા એ હનફીયા



સવાલ-**216)** એક માણસ ઔરતને કહ્યું કે તને દોઢ તલાક આપી તો શું કેટલી પડશે **?**

જવાબ-**216)** જો કહ્યું કે દોઢ તલાક તો બે માનવામાં આવશે અને કહ્યું કે અઢી તલાક આપું છું તો ત્રણ તલાક ગણાશે.

(દુરે મુખતાર)

લેખક "

@dr_jhangir_sha_313

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**217)** કોઈ ઔરત પોતાના મર્દને કહ્યું કે તું મને તલાક આપી દે આપીદે ત્રણ વખત કીધું કે આપી દીધી તો શું તલાક થઈ ગઈ **?**


જવાબ-**217)** તો તલાક પઢી જશે અને જો એણે ત્રણની નિયત કરી ને કીધુ તો ત્રણ તલાક પઢી જશે.

(દુરે મુખતાર)

લેખક "

@dr_jhangir_sha_313

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



**સવાલ-218)** એક માણસ ગૈર મુસ્લીમ છે અને મુસ્લિમ ઔરતથી નિકાહ કરે તો નિકાહ થશે ?


**જવાબ-218)** નિકાહ માટે આકીલ બાલીંગ અને બન્ને મોમીન હોવા શરત છે માટે નિકાહ થશે નહીં.

(આલમગીરી)

લેખક "

@dr_jhangir_sha_313

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



**સવાલ-219)** એક ઔરત ગૈર મુસ્લિમ સાથે નિકાહ કરી પોતે મુરતદ થઈ ગઈ હવે જો એનો બાપ ગુજરી ગયો તો શું એના વારસામાં એનું હકક થશે ?

**જવાબ-219)** મુરતદા કોઈ પણ વારસદારથી એને વારસો મળશે નહી.

(દુરે મુખતાર)

લેખક "

@dr_jhangir_sha_313

સૈયદ ડો.જંહાગીર શાહ



## ફતાવા એ હનફીયા



**સવાલ-220) કોઈ ઔરતને ખબર મળી કે મારો પતિ મુરતદ થઈ ગયો છે તો શું એની નિકાહ કાયમ રહેશે ?**

**જવાબ-220) એને જો બરાબર મોઅતબર માણસોથી ખબર પડી કે પતિ મુરતદ થઈ ગયો તો તે ઔરત ત્યારથી ઈદદત ગુઝારી નિકાહ કરી શકે છે.**

**(દુરે મુખતાર)**

લેખક "

**@dr_jhangir_sha_313**

સૈયદ ડો.જંહાગીર શાહ





# ફતાવા એ હનફીયા


સવાલ-**221)** મદ્રેસામાં મૌલાના ને માસિક પગાર અપાય છે પણ જે છુટટીના દિવસો અઠવાડિક એક રમઝાન ઈદ બકરી ઈદ કે જે પ્રચલિત છુટી છે તેનો પગાર જાઈઝ છે કે નહી ?

જવાબ-**221)** જે છુટટીઓ માન્ય રાખવામાં આવી છે. દીની કે દુન્યાવી તેનો મૌલાના હકદાર છે અને પોતે છુટી લઈને ગયો તો તે પૈસા કાપવામાં આવશે.(દુરે મુખતાર)

લેખક "

@dr_jhangir_sha_313

સૈયદ ડો.જંહાગીર શાહ



## ફતાવા એ હનફીયા



સવાલ-**222)** એક મસ્જિદનું ઈમામ બીમાર પડી ગયો બીમાર પછી એને ડોકટર આરામનું કહ્યું તો શું આટલા દિવસનું પગાર જાઈઝ છે ?


જવાબ-**222)** સગડા દિવસોનો પગાર લેવાનો હકદાર છે જો એની ઈમામત ચાલુ હોય તો ગેરહાજરીના દિવસોનો પગાર કપાશે નહિ.

(રદુલ મુહતાર)


લેખક "

@dr_jhangir_sha_313

સૈયદ ડો.જંહાગીર શાહ



# ફતાવા એ હનફીયા



સવાલ-**223)** હાલ વખતમાં આપણાં કચ્છમાં પણ મઝહબે કાદિયાની વિષે ચર્ચા થાય છે અમુક પઢેલાં લખેલા માણસો જે એમનાં ટચમાં આવ્યા તે લોકો કહે છે કે તે કુરઆન શરીફ અને હદીશના હવાલા થી પોતાની નબુવ્વત સાબીત કરે છે અને હુઝુરની હદીષ છે કે ઉલમા ઓ ઉમ્મીત કા અંબીયાએ બની ઈસરાઈલ એટલે એ લોકો કહે છે કે બની ઈસરાઈલ નબીયો જેવા મારી ઉમ્મતનાં ઔલીયા છે તો હદીષથી સાબિત છે કે હુઝુરનાં ઉમ્મતમાં પણ પાછળ નબી આવશે કારણકે દિન માટે જ્યારે સવા લાખ નબી આવ્યા તો કયામત સુધી નબીયોની જરૂરત છે. કાદીયાની ની તાલીમ થી દિનમાં અને ઈમાન માં શું ફરક પડે છે અથવા શું ગુમરાહી ના કારણ છે તે તેનાં થોડા હવાલા થી લખી જણાવો તો આમ માણસો જેને હુઝુર સલ્લાહો અલૈહે વસલ્લમ ખાતેમુન્નબીયીન છે જેની ખબર પડે તેવો ટુંકો ટુંકો ખુલાસો લખી મોકલશો ?

(લી-મૌલાના ગુલામ મુસ્તફા ઝીઆઈ ભુજ કચ્છ)

જવાબ-**223)** સલામ બાદ આ કામ માટે મોટા ઉલમાએ કીરામનું છે મારા જેવા નાનાં તાલીબે ઈલ્મ માટે આ મારી ઈલ્મી હેસીયતથી ઘણી મોટી છે છતાં પણ મારી ઘણી જ નાની અને અધુરી માલુમાતથી હું ટુંકો નીચે જવાબ થોડા પુરાવા તથા તારીખી સુબુત થી લખું છું મૌલા તઆલા પોતાના હબીબના સદકે આ નાચીજ ને લખવાની તોફીક અતા કરે (આમીન) જે હદીષ નું હવાલો આપે છે તે ગલત તરજુમું કરેલો છે કારણે હુઝુરે ફરમાવ્યું કે મારી ઉમ્મત નાં ઉલમાઓ જે બની ઈસરાઈલ નાં નબીયો દિનની દાવત આપતા તો હું ખાતમુન્નબી છું મારી પાછળ કોઈ નબી નથી આવવાના અને મારી નબુવ્વત કયામત સુધી છે તો તે ડ્યુટી હવે મારા ઉમ્મતના ઉલમાં આપશે. બીસ્મી લ્લાહિ રેહમાની રહીમ (મા કાન મુહમદુન અબા અહદી મ્મીરરીજાલેકુમ વલાકીન રસુલલ્લાહે વ ખાતમન્નબીય્યિન.(પારા **22** સુરએ અહઝાબ આયત **40**) તરજુમો:મુહંમદ તુમ્હારે મર્દો મે કીસીકે બાપ નહીં હા અલ્લાહ કે રસુલ હૈં ઔર સબ નબીયોં મે પીછલે (કનઝુલ ઈમાન) આમા સાફ ઈરશાદ છે કે રસુલે ખુદા મોહંમદે મુસ્તફા આખરી નબી છે હવે બીજા કોઈ પણ નબીની ગુંજાઈશ નથી.

હદીશ શરીફ:(સુનને અબુ દાઉદ શરીફ જી.ન.ર હદીશ નં.૪૨૫૪) હઝરત સોબાન રદીયલ્લાહો અનહુ થી રીવાયત છે કે રસુલુલ્લા સલ્લાહો અલૈહે વસલ્લમ ફરમાવ્યું કે મારી ઉમ્મતમાં ત્રીસ જુઠા પેદા થશે એમાં દરેક એ ગુમાન કરશે કે તે નબી છે અને હું નબીયો નો ખાતીમ છું મારા પાછળ કોઈ નબી નથી અને મારી ઉમ્મતમાં હંમેશા એક ટોળી એવી રહશે જે હકપર હશે રાવી ઈબને ઈશા કહ્યું કે હક ઝાહીર કરવા વાળા હશે અને તેઓને કોઈ નુકસાન નહી પહોચાડી શકે એમનાં મુખાલીફ ત્યાં સુધી અલ્લાહ તઆલા નું હુકમ નાફીઝ થઈ જશે.

લેખક "

@dr_jhangir_sha_313

સૈયદ ડો.જંહાગીર શાહ



💖કિતાબ ઝખીમ ન થાય તે માટે થોડા થોડા મસાઈલ લખ્યા છે, બારી તઆલા કબુલ ફરમાવે આમીન પૂરું.💖

💐તા. ૩૦-૪-૨૦૧૪ અહકરૂલ ઈબાદ ખાકપાએ

ઔલીયા

સૈયદ જહાંગીરશાહ હાજીમીયાં સાહેબ

વિંઝાણ, તા. અબડાસા-કચ્છ.

તા. ૩૦-૪-૨૦૧૪નાં મુકમ્મલ કરવામાં આવી.💐

💞આપ આ કિતાબને વાંચી મારા હકમાં દુઆ ગુજારશો કે રબ્બલ આલમીન મારા માટે આખેતરમાં બખ્શીશનું સામાન બનાવે.💞

(આમીન)

**(1)** ફતાવાએ હનફીયા

**(2)** સાચાં મોમીન મુસલમાન ની શાન

**(3)** સઆદતે દારૈન

**(4)** રસુલલ્લાની શાન દાનીશમંદો ની જબાની

**(5)** નુરે ઈસ્લામ ભાગ-**1**

**(6)** નુરે ઈસ્લામ ભાગ-**2**

**(7)** અઝમતે મુસ્તફા